વર્ષઃ 7 અંકઃ 06

16-30 સપ્ટેમ્બર, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર




યુપીઆઈનાં 10 વર્ષ

## નવું ભારતઃ દુનિયાનું પેમેન્ટ ગેટવે

એક દાયકામાં યુપીઆઈએ માત્ર ભારતમાં ચુકવણીની રીત જ નથી બદલી, પરંતુ વિશ્વને ડિજિટલ પેમેન્ટનો નવો માર્ગ પણ બતાવ્યો છે; રોજિંદા જીવનથી લઈને વૈશ્વિક બજાર સુધી, આ ટેકનોલોજી આર્થિક આત્મવિશ્વાસની નવી ઓળખ બની છે...



અમને ફોલો કરો @NISPIBIndia

# નશામુક્ત યુવા ફૉર
# વિકસિત ભારત



*દર મહિનાના છેલ્લા રવિવારે રેડિયો પર પ્રસારિત થતો 'મન કી બાત' કાર્યક્રમ એક એવો મંચ છે જ્યાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવા પ્રયાસોને સામે લાવે છે, દેશવાસીઓના ઈનોવેટિવ આઈડિયા પર ચર્ચા કરે છે. તેમાંથી કેટલાય વિચારો એવા હોય છે જેની પાછળ લોકોએ જીવનની અથાક ઊર્જા લગાવી હોય છે. ઘણી વાર અહીંથી કરવામાં આવેલું આહ્વાન જન-આંદોલન બની જાય છે. કાર્યક્રમના 137મા એપિસોડમાં તેમણે નશામુક્ત ભારતના મિશન સાથે જોડાવા આહ્વાન કર્યું અને અન્ય ઘણાં પાસાંઓ પર પણ ચર્ચા કરી. પ્રસ્તુત છે તેના સંપાદિત અંશ...*

- **અનોખા વિચાર :** www.bharatrajya.com વેબસાઈટના માધ્યમથી તમે સરળતાથી જાણી શકો છો કે કયા સમયે, ભારતના કયા ભાગ પર કોનું શાસન હતું. આ પ્રયાસ માત્ર ઈતિહાસના વિદ્યાર્થીઓને જ નહીં, પરંતુ દરેક વ્યક્તિને પોતાના ભૂતકાળને રસપ્રદ રીતે જાણવામાં મદદ કરશે.

- **નશામુક્ત ભારત :** 'નશામુક્ત યુવા ફૉર વિકસિત ભારત' અભિયાન અત્યારે સમગ્ર દેશમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. તેનો લક્ષ્યાંક બિલકુલ સ્પષ્ટ છે - નશામુક્ત યુવા, Drug Free India. મોટી સંખ્યામાં લોકો, ખાસ કરીને આપણા યુવાનો, આ અભિયાનનો ભાગ બની રહ્યા છે.

- **જાગૃતિ જરૂરી, ભૂમિકા ભજવો :** નશાની લત માત્ર એક વ્યક્તિને જ પોતાની ઝપેટમાં નથી લેતી, તેનાં દુષ્પરિણામો સમગ્ર પરિવાર અને સમાજે પણ ભોગવવા પડે છે. ભારતના યુવાનોને નશાથી દૂર રાખવા, નશાથી મુક્ત રાખવા - આ પવિત્ર કાર્યમાં સૌ પોતાની ભૂમિકા ભજવે. તમારા આ પ્રયાસોને #નશામુક્તયુવા સાથે સોશિયલ મીડિયા પર પણ જરૂર શેર કરો.

- **સ્વનિધિ યોજના :** 'PM સ્વનિધિ યોજના'ના લાભાર્થીઓમાં લગભગ 46% મહિલાઓ છે. દેશભરમાં આશરે 35 લાખ મહિલાઓ આ યોજના સાથે જોડાઈને પોતાના વ્યવસાયને આગળ વધારી રહી છે.

- **સ્વચ્છતા અને જનભાગીદારી :** આ વખતે શ્રી અમરનાથજીની યાત્રામાં સ્વચ્છતા અને જનભાગીદારીનું પ્રેરણાદાયી ચિત્ર જોવા મળ્યું. મુશ્કેલ માર્ગો પર હજારો સ્વચ્છતા કર્મીઓ દિવસ-રાત સેવામાં જોડાયેલા રહ્યા. આ વર્ષે યાત્રા દરમિયાન 400 મેટ્રિક ટનથી વધુ કચરો એકત્રિત કરીને પ્રોસેસ કરવામાં આવ્યો.

- **Mission ShaktiSAT:** આજે આપણી દીકરીઓનાં સપનાઓની ઉડાન ધરતીથી નીકળીને અંતરિક્ષ સુધી પહોંચી રહી છે. Mission ShaktiSATના માધ્યમથી 108 દેશોની 12 હજાર વિદ્યાર્થિનીઓને સેટેલાઈટ ટેક્નોલોજી શીખવાની અને ઈનોવેશનના ક્ષેત્રમાં આગળ વધવાની તક મળી રહી છે.

- **એવૉકાડો ફળ :** આજકાલ એવૉકાડો ફળની ભારે માગ છે. આ પહેલાં કદાચ જ કોઈ તેના વિશે જાણતું હતું. તેની કિંમત અને માગ બંને ઓછી હતી, પરંતુ આજે તે સ્વાસ્થ્ય અને પ્રીમિયમ બજારની પસંદ બની ગયું છે. આપણા ખેડૂત ભાઈ-બહેનો માટે પણ તે ખૂબ મદદરૂપ સાબિત થઈ રહ્યું છે.

- **મહાનાયક ઉત્તમ કુમાર :** 3 સપ્ટેમ્બરે મહાનાયક ઉત્તમ કુમારની જન્મ શતાબ્દી હતી, જેઓ એક બહુમુખી અભિનેતા હતા. તેઓ પોતાના અભિનયથી લોકોનાં હૃદયમાં વસી ગયા અને હંમેશાં સૌનાં દિલો પર રાજ કરતા રહેશે. તેઓ પોતાની સહજતા સાથે પરોપકાર માટે પણ જાણીતા હતા. તેમના જીવનમાંથી ક્યારેય હાર ન માનવાની એક વધુ મોટી શીખ મળે છે.

- **વોકલ ફોર લોકલ :** તહેવારોની આ સિઝનમાં હું ફરી એકવાર આપને 'વોકલ ફોર લોકલ' માટે આગ્રહ કરીશ. વોકલ ફોર લોકલનો અર્થ માત્ર માટીના કોડિયાં ખરીદવા પૂરતો નથી, તેનું વિઝન ઘણું મોટું છે.

- **આત્મનિર્ભર ભારત :** આપણે આપણાં ઘર માટે જે કંઈ પણ સામાન ખરીદીએ, તેમાં એ ચોક્કસ જોઈ લઈએ કે તે ભારતમાં બનેલો હોય. ભારતનો આત્મનિર્ભર બનવાનો માર્ગ ભારતમાં બનેલી ચીજો પર ગર્વ કરવાથી જ સશક્ત થશે.

'મન કી બાત' સાંભળવા માટે
આ QR કોડ સ્કેન કરો.

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ: 7, અંક: 06 | 16-30 સપ્ટેમ્બર, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાના પર...




કવર સ્ટોરી

**UPIના 10 વર્ષ**

પૉકેટમાંથી નીકળતી ચલણી નોટો, ગલ્લામાં ગણીને મુકાતા રૂપિયા અને એટીએમની કતારો–આ બધું હવે ભારતમાં એક ભૂતકાળ બની ગયું છે. એક ક્યૂઆર કોડ, એક સ્કેન અને ગણતરીની સેકન્ડો–આજે દેશમાં લેવડદેવડની આ જ નવી ભાષા બની છે. દસ વર્ષ પહેલાં ઓગસ્ટ મહિનામાં એક પ્રયોગ થયો હતો, જે આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ પેમેન્ટ પ્રણાલી બનીને ભારતની આગવી ઓળખ બની ચૂક્યો છે. આ વાર્તા છે એ પરિવર્તનની, જેણે પાથરણાવાળાથી લઈને મોટા વેપારી સુધી, દેશથી લઈને વિદેશ સુધી, લોકોના જીવનને સરળ બનાવ્યું છે... |8-20

અંતરિક્ષ સ્ટાર્ટઅપના મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથે પીએમ મોદીનો સંવાદ

**અંતરિક્ષમાં ભારતની યુવા શક્તિ**

'સેવા તીર્થ'માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 સ્પેસ સ્ટાર્ટઅપ પ્રમુખો સાથે મુલાકાત કરી |28-29



ખેલો ઈન્ડિયા

**રમતગમત : યુવા શક્તિને સાથે જોડવાનું અભિયાન**

પીએમ મોદીએ 'ખેલો ઈન્ડિયા ડાયલોગ'માં યુવાનોને સંબોધિત કર્યા |32-33




સમાચાર સાર |4-5

ગુણવત્તા અને ઝડપ સાથે-સાથે
પ્રગતિની 53મી બેઠકની પ્રધાનમંત્રી મોદીએ કરી અધ્યક્ષતા |6-7

ચાર મલ્ટીટ્રેકિંગ અને એક હાઈવે પ્રોજેક્ટને મળી મંજૂરી
કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો |21

'આયુષ્માન ભારત'થી સશક્ત બનતું નવું ભારત
અત્યાર સુધી 47 કરોડથી વધુ આયુષ્માન કાર્ડ જારી |22-23

રાષ્ટ્રીય પોષણ માસ 2026 : પોષિત ભારત સ્વસ્થ ભારત
'આપણી આંગણવાડી આપણી જવાબદારી' છે 9મા રાષ્ટ્રીય પોષણ માસની થીમ |24-25

જીડીપી : 7.8%ના દરે વિસ્તરી અર્થવ્યવસ્થા
વૈશ્વિક પડકારો વચ્ચે ભારતે આર્થિક મોરચે મેળવી સફળતા |26-27

રિફોર્મ્સ... મજબૂરી નહીં, પ્રતિબદ્ધતા અને દ્રઢ વિશ્વાસ
ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ 2026ને પીએમ મોદીએ સંબોધિત કર્યું |30-31

મજબૂત બનતું ક્રૂઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર
ક્રૂઝ ભારત મિશનના બે વર્ષ પૂર્ણ, 32 રાષ્ટ્રીય જળમાર્ગો કાર્યરત |39

વ્યક્તિત્વ : રાની રાસમણિ
સાહસ, કરુણા અને દ્રઢ વિશ્વાસની પ્રતિમૂર્તિ |40


પીએમની વિદેશ યાત્રા

ભારત-ઉઝબેક-કિર્ગિઝ સંબંધો

**સાંસ્કૃતિક જોડાણની મજબૂત કડી**



શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) શિખર સંમેલનમાં ભારતની સક્રિય ભાગીદારીએ પ્રાદેશિક સંવાદ અને બહુપક્ષીય ભાગીદારીને નવી ઊર્જા આપી |34-38


પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે ...

## યુપીઆઈનાં 10 ગૌરવશાળી વર્ષ

### નાની લારી હોય કે મોટી દુકાન...

### થઈ રહ્યું છે યુપીઆઈથી પેમેન્ટ

સાદર નમસ્કાર!

સવારના શાકભાજી માર્કેટમાં લારીવાળો હવે ક્યૂઆર કોડ બતાવે છે. ગ્રાહક ફોનથી સ્કેન કરે છે અને ગણતરીની સેકન્ડોમાં પેમેન્ટ થઈ જાય છે. ન રોકડ ગણવાની ઝંઝટ, ન બાકી પૈસા પાછા આપવાની ચિંતા. લાઈટ બિલ હોય કે દૂધવાળાનો હિસાબ, શેરીના નાકા પરની ચાની લારી હોય કે શહેરનો મોટો મૉલ, દરેક જગ્યાએ એક જ સુવિધા– ઝડપી, સુરક્ષિત અને પારદર્શક ચુકવણી. આ જ છે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ એટલે કે યુપીઆઈની સાચી તાકાત, જેણે સામાન્ય માણસનાં રોજિંદાં જીવનને સરળ બનાવી દીધું છે.

25 ઑગસ્ટ 2016ના રોજ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાએ રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના માર્ગદર્શન હેઠળ યુપીઆઈની શરૂઆત કરી હતી. હવે આ સેવા પોતાનાં દસ વર્ષ પૂર્ણ કરી ચૂકી છે અને ભારતના ડિજિટલ પેમેન્ટ તંત્રની કરોડરજ્જુ બની ગઈ છે.

આ દસ વર્ષોમાં યુપીઆઈએ અભૂતપૂર્વ વૃદ્ધિ નોંધાવી છે. નાણાકીય વર્ષ 2016-17માં જ્યાં માત્ર 2 કરોડ વ્યવહારો થયા હતા, ત્યાં 2025-26માં આ આંકડો 24,162 કરોડને વટાવી ગયો છે, એટલે કે લગભગ 12,000 ગણો વધારો. તેવી જ રીતે લેવડદેવડનું મૂલ્ય 0.07 લાખ કરોડથી વધીને આશરે ₹314 લાખ કરોડ થઈ ગયું છે. શરૂઆતમાં માત્ર 44 બેંકો આની સાથે જોડાયેલી હતી, જ્યારે હવે 741 બેંકો યુપીઆઈ પર સક્રિય છે. છેતરપિંડી રોકવા માટે સરકાર, આરબીઆઈ અને એનપીસીઆઈએ જોખમ-આધારિત વ્યવહાર મર્યાદા અને મજબૂત સુરક્ષા માપદંડો લાગુ કર્યા છે. હવે યુપીઆઈ ભારત ઉપરાંત અન્ય 11 દેશોમાં પણ કાર્યરત છે. સાથોસાથ, ઉઝબેકિસ્તાનમાં પણ યુપીઆઈ પેમેન્ટ સક્ષમ બનાવવા માટે 30 ઑગસ્ટના રોજ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડોળ (આઈએમએફ)એ પણ યુપીઆઈને વિશ્વનું સૌથી મોટું રિયલ-ટાઈમ પેમેન્ટ તંત્ર ગણાવ્યું છે. આ ઉપલબ્ધિ ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ક્ષમતા અને સર્વસમાવેશક અભિગમનો પુરાવો છે, જેણે દરેક નાગરિકને નાણાકીય મુખ્યધારા સાથે જોડ્યા છે. યુપીઆઈની એક દાયકાની આ સફર જ આ વખતના આપણા આ અંકની કવર સ્ટોરી બની છે.

આ ઉપરાંત 'વ્યક્તિત્વ' શ્રેણીમાં સાહસ, કરુણા અને દ્રઢ વિશ્વાસની પ્રતિમૂર્તિ રાની રાસમણિ, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, પ્રગતિની બેઠક, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વિદેશ પ્રવાસ સહિત તેમના પખવાડિયા દરમિયાનના કાર્યક્રમોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

સાથે જ, પત્રિકાના અંદરના પેજ પર 'મન કી બાત' અને બેક કવર પર 18 સપ્ટેમ્બરે વિશ્વ વાંસ દિવસ નિમિત્તે વિશેષ સામગ્રી આવરી લેવામાં આવી છે.

આપ આપનાં સૂચનો અમને મોકલતા રહો.

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




### જાગૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા

હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. આ સામાયિક નેશનલ પોલિસી, ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને સોશિયો-ઈકોનોમિક પહેલ પર અપડેટ રહેવામાં ખૂબ મદદરૂપ બને છે. આ સામાયિક સાયન્સ, ટેકનોલોજી, ડિફેન્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્પોર્ટ્સ, એજ્યુકેશન અને અન્ય ક્ષેત્રોમાં થયેલા વિકાસને બહેતર રીતે રજૂ કરે છે. આ વાંચવાથી વાચકોને વિકસિત ભારતના પ્રવાસની વધુ સારી સમજ મળે છે. સામાયિક દેશમાં થઈ રહેલા વિકાસ અંગે લોકોને જાગૃત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

mihirtiwariabkp2002@gmail.com

### સરકારી પહેલ, દેશના વિકાસની માહિતી

ન્યૂ ઈન્ડિયા સમાચાર સામાયિકમાં સરકારી પહેલ, દેશના વિકાસ, પબ્લિક વેલફેર સ્કીમ અને વર્તમાન ઘટનાઓ વિશે મહત્વપૂર્ણ માહિતી હોય છે. આ વાંચવાથી વિદ્યાર્થીઓ અને દેશવાસીઓને ઘણો લાભ મળી રહ્યો છે.

library.bspp@ganpatuniversity.ac.in

### જવાબદાર નાગરિક બનવા માટે કરે છે પ્રેરિત

ન્યૂ ઈન્ડિયા સમાચાર સામાયિક ભારતની પ્રગતિની માહિતી આપે છે અને એક જવાબદાર નાગરિક બનવા માટે પણ પ્રેરિત કરે છે. ન્યૂ ઈન્ડિયા સમાચાર ઈ-મેગેઝિન મને સરકારી નીતિઓ, સિદ્ધિઓ અને વિકાસ વિશે માહિતગાર રહેવામાં મદદ કરે છે. તે સરળતાથી વાંચી શકાય તેવા ફોર્મેટમાં ઉપયોગી અને વિશ્વસનીય માહિતી પૂરી પાડે છે. આ સામાયિક મને એક જવાબદાર નાગરિક તો બનાવે જ છે, સાથે સમજ પણ વધારે છે.

સુયશ ચતુર્વેદી

suyash.chaturvedii@gmail.com

### ભારતના ઝડપી વિકાસ પર ગર્વ

જ્યારે પણ હું ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચું છું, ત્યારે મને તમામ ક્ષેત્રોમાં ભારતના ઝડપી વિકાસ પર ખૂબ ગર્વ થાય છે. ભારત અનેક મુશ્કેલીઓને પાર કરીને ઝડપથી આગળ વધી રહ્યું છે, જેથી અન્ય દેશો પણ આપણને આશ્ચર્યથી જુએ છે અને પ્રશંસા કરે છે.

પ્રો. પી. પ્રેમા, તંજાવુર

prof.prema@gmail.com

### સામાયિકમાંથી ઘણી અજાણી અને ઉપયોગી બાબતો શીખી

ન્યૂ ઈન્ડિયા સમાચાર સામાયિક ખૂબ જ ઉત્કૃષ્ટ છે. મેં પહેલાં આ સામાયિક પર ખાસ ધ્યાન આપ્યું ન હતું, પરંતુ હવે મને આ ખૂબ ગમી રહ્યું છે. મેં આ સામાયિકમાંથી ઘણી અજાણી અને મહત્વપૂર્ણ બાબતો શીખી છે. હું આ સામાયિકની સફળતાની કામના કરું છું.

શ્રી કૃષ્ણ દત્તા

19duttakrishna@gmail.com


પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in

સમાચાર સાર

**પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના**

## 100 રૂપિયાના પ્રીમિયમ પર મળ્યું 50,600 રૂપિયાનું વળતર

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય) સમગ્ર દેશમાં દુષ્કાળ, પૂર, વાવાઝોડું, કરા પડવા, રોગચાળો, વાવણી ન થઈ શકવી, સ્થાનિક આપત્તિઓ, કમોસમી વરસાદ અને પાકની કાપણી પછી થતા નુકસાન સામે વ્યાપક વીમા કવચ પૂરું પાડે છે. વર્ષ 2016થી શરૂ થયેલી આ યોજનાથી અત્યાર સુધીમાં 92.4 કરોડ અરજદાર ખેડૂતો લાભાન્વિત થયા છે અને ₹2.06 લાખ કરોડથી વધુના દાવાઓની ચુકવણી કરવામાં આવી ચૂકી છે.

પીએમએફબીવાયની તાકાતનો અંદાજ તમે આસામના ચનખલા ગામના નાના ખેડૂત અનવર હુસૈનની વાત પરથી લગાવી શકો છો. ભારે વરસાદને કારણે તેમના પાકને નુકસાન થયું હતું. સદ્નસીબે અનવરે ₹100નું નજીવું પ્રીમિયમ ભરીને પીએમએફબીવાય હેઠળ નોંધણી કરાવી રાખી હતી. જેના પરિણામે તેમને ₹50,600નું વળતર મળ્યું. આર્થિક સંકટમાં ફસાવાને બદલે આત્મવિશ્વાસ સાથે ખેતી ચાલુ રાખતા અનવર જણાવે છે કે મુશ્કેલ સમયમાં પીએમએફબીવાય એક સુરક્ષા કવચની જેમ કામ કરે છે.



## સંચાર સાથી દ્વારા એક જ મહિનામાં 77,000થી વધુ મોબાઈલ રિકવર કરાયા

મોબાઈલ ફોન ગુમ થવાની કે ચોરી થવાની ઘટના બને ત્યારે તરત જ જાણ કરો. ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોનને શોધી કાઢવામાં સરકારની નાગરિક-કેન્દ્રી પહેલ 'સંચાર સાથી'ના આ આંકડા વિશ્વાસ મજબૂત કરે છે. જુલાઈ 2026માં 77,692 મોબાઈલ રિકવર કરવામાં આવ્યા હતા. આ ઉપલબ્ધિની કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ સિંધિયાએ પ્રશંસા કરી છે.

નાગરિકો 'સંચાર સાથી' વેબ પોર્ટલ www.sancharsaathi.gov.in અથવા મોબાઈલ એપ મારફતે ગુમ/ચોરાયેલા મોબાઈલ અંગે રિપોર્ટ કરી શકે છે. ફરિયાદ મળ્યા બાદ સંબંધિત મોબાઈલને ભારતીય ટેલિકોમ નેટવર્ક પર બ્લોક કરી દેવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ તે મોબાઈલનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરે, તો નેટવર્ક તેની માહિતી નોંધીને નાગરિક અને સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલે છે. આનાથી પોલીસને મોબાઈલ રિકવર કરવામાં અને તેને વાસ્તવિક માલિક સુધી પહોંચાડવામાં મદદ મળે છે.



## પરિવર્તન યોજના : દિલ્હી-એનસીઆરમાં 1,300થી વધુ લાભાર્થીઓ નોંધાયા

દિલ્હી-એનસીઆરમાં પર્યાવરણ સુધારણા અને વાયુ પ્રદૂષણમાં ઘટાડો કરવાના ઉદ્દેશ સાથે 14 જુલાઈ, 2026ના રોજ શરૂ થયેલી 'પરિવર્તન યોજના'એ વેગ પકડ્યો છે. આ યોજના અંતર્ગત 27 ઑગસ્ટ સુધીમાં 1,300થી વધુ લાભાર્થીઓ નોંધાયા છે, જ્યારે 42 બેંકો અને 15 ઓટો ઓઈએમ જોડાઈ ચૂક્યા છે. આ યોજનાનો ઉદ્દેશ દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના એનસીઆર જિલ્લાઓમાં બીએસ-IV કે તેનાથી જૂના માનકો ધરાવતા 2 લાખથી વધુ ટ્રક અને બસોને બીએસ-VI અથવા ઈલેક્ટ્રિક વાહનોથી બદલવાનો છે. આ યોજના પાછળ કુલ રૂપિયા 9,585 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

પરિવર્તન યોજના હેઠળ સંબંધિત રાજ્યો રોડ ટેક્સમાં 10 વર્ષના સમયગાળા માટે મુક્તિ આપતું જાહેરનામું અગાઉથી જ બહાર પાડી ચૂક્યા છે. યોજનામાં ડીઝલ તેમજ સીએનજી વાહનો ખરીદનારાઓને ઈંધણ વાઉચર અને ઈલેક્ટ્રિક વાહનો ખરીદનારાઓને એક વખતની રૂપિયા 64 હજારથી લઈને રૂપિયા 2.56 લાખ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.



## આત્મનિર્ભર ભારત... નૌકા દળને એક સપ્તાહમાં બે સ્વદેશી જહાજ સોંપાયા

ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતાને મજબૂતીથી આગળ ધપાવી રહ્યું છે. આ જ શ્રેણીમાં ભારતીય નૌકા દળને ઑગસ્ટના અંતિમ સપ્તાહમાં બે સ્વદેશી રીતે નિર્મિત જહાજ સોંપવામાં આવ્યા. નૌસેનાના કાફલામાં સામેલ પ્રથમ સ્વદેશી બહુ-ઉદ્દેશીય જહાજ 'સમર્થક' છે. બીજું 'નિસ્તાર' શ્રેણીનું ડાઈવિંગ સપોર્ટ વેસલ 'આઈએનએસ નિપુણ' છે. બંને જહાજોના નિર્માણમાં 75% સ્વદેશી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ભારતીય નૌસેનાને પ્રથમ સ્વદેશી બહુ-ઉદ્દેશીય જહાજ 'સમર્થક' 27 ઑગસ્ટે સોંપવામાં આવ્યું હતું. તેને એક બહુ-ઉપયોગી પરીક્ષણ અને મૂલ્યાંકન પ્લેટફોર્મ તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ જહાજને દરિયાઈ સર્વેલન્સ અને જાસૂસી, ઑફશોર પેટ્રોલિંગ તેમજ જરૂર પડ્યે માનવીય સહાયતા અને આપત્તિ રાહત કાર્યોમાં મદદરૂપ થવા માટે ડિઝાઈન કરાયું છે. નિસ્તાર શ્રેણીના બીજા ડાઈવિંગ સપોર્ટ વેસલ (ડીએસવી) 'આઈએનએસ નિપુણ'ના સામેલ થવાથી નૌસેનાની ઊંડા સમુદ્રમાં ડાઈવિંગ, પાણીની અંદરનાં ઑપરેશન્સ અને સબમરીન બચાવ અભિયાનોની ક્ષમતામાં વધારો થયો છે.



## પીએમ સ્વનિધિ : પુનર્ગઠન બાદ 10.56 લાખ નવા લાભાર્થીઓને લોન

પાથરણાવાળાઓની સહાયતા માટે શરૂ કરાયેલી પીએમ સ્વનિધિ યોજના પુનર્ગઠન કરીને ગત વર્ષે 31 માર્ચ, 2030 સુધી લંબાવવામાં આવી હતી. પુનર્ગઠન બાદના એક વર્ષમાં 10.56 લાખ નવા લાભાર્થીઓને રૂપિયા 6,294 કરોડની રકમની 21.86 લાખ લોન આપવામાં આવી છે. બીજી તરફ પાત્ર વિક્રેતાઓ માટે શરૂ કરાયેલા યુપીઆઈ લિંક્ડ રુપે ક્રેડિટ કાર્ડ પણ 27 હજારથી વધુ જારી કરવામાં આવ્યા છે. યોજનાની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં 78.68 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને 1.18 કરોડથી વધુ લોન આપવામાં આવી છે. આ સાથે જ વ્યાજ પર રૂપિયા 421 કરોડની સબસિડી અને ડિજિટલ વ્યવહારો કરનારાઓને રૂપિયા 418 કરોડનું કેશબેક પણ ચૂકવવામાં આવ્યું છે.



## ભારત સરકારની યોજનાથી ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગમાં વધારો

ભારત સરકારે ઈલેક્ટ્રોનિક્સ ઘટક ઉત્પાદન યોજના (ઈસીએમએસ) હેઠળ રૂપિયા 6,844 કરોડના અંદાજિત રોકાણ ધરાવતા વધુ 31 નવા પ્રસ્તાવોને મંજૂરી આપી છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ 106 ઈસીએમએસ પ્રોજેક્ટ્સને મંજૂરી મળી ચૂકી છે, જેમાં રૂપિયા 69,548 કરોડનું રોકાણ અને 75 હજાર પ્રત્યક્ષ રોજગારીની તકોનું સર્જન થવાની સંભાવના છે. આ યોજનાના પરિણામે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ઝડપી ગતિ આવી છે. અત્યાર સુધીમાં 38 પ્લાન્ટ કાર્યરત થઈ ચૂક્યા છે, જ્યારે અન્ય 16 પ્લાન્ટનું નિર્માણ કાર્ય આખરી તબક્કામાં છે.



આ યોજના મહત્વપૂર્ણ ઘટકો અને કાચા માલના સૌપ્રથમ સ્થાનિક ઉત્પાદન દ્વારા 'સ્વદેશી' મૂલ્ય શૃંખલાને પ્રોત્સાહન આપી રહી છે. ઈસીએમએસની ક્ષમતા સ્થાનિક માગને પૂર્ણ કરવાની સાથે-સાથે તેનાથી પણ વધુ ઉત્પાદન ક્ષમતા સાથે ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે ભારતને આત્મનિર્ભરતા તરફ આગળ ધપાવી રહી છે. વાસ્તવમાં, એનોડ મટિરિયલ (110%), ઑપ્ટિકલ ટ્રાન્સિવર એસએફપી (350%) અને રિલે (200%) જેવા મહત્વના ક્ષેત્રોમાં ઉત્પાદન પહેલાથી જ સ્થાનિક માગ કરતા વધુ નોંધાયું છે. ■

**પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં પ્રગતિની 53મી બેઠક**

# ગુણવત્તા

## અને ગતિ સાથે-સાથે

*સક્રિય શાસન અને સમયસર કામ પૂર્ણ કરવા માટે બનાવવામાં આવેલા આઈસીટી-આધારિત, મલ્ટી-મોડલ પ્લેટફોર્મ 'પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લિમેન્ટેશન' (પ્રગતિ)નું નિરીક્ષણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરે છે. આ જ શ્રેણીમાં તેમણે 25 ઑગસ્ટના રોજ પ્રગતિની 53મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં તેમણે રેલવે, માર્ગ અને ઊર્જા ક્ષેત્રો સાથે સંકળાયેલા છ મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી...*



ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં વિલંબ થવાથી માત્ર ખર્ચ જ વધતો નથી, પણ નાગરિકો, ધંધા-વ્યવસાય અને અર્થવ્યવસ્થાને મળનારા લાભોમાં પણ વિલંબ થાય છે. 'સેવા તીર્થ' ખાતે આયોજિત બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને અલગ-અલગ હિસ્સા, ટુકડા કે પેકેજ તરીકે જોવાને બદલે એક સંકલિત એકમ તરીકે જોવા જોઈએ અને તેનું મોનિટરિંગ થવું જોઈએ. અલગ-અલગ પેકેજમાં થઈ રહેલી પ્રગતિનું પરિણામ આખરે સંપૂર્ણ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થવા અને તે કાર્યરત થવા સ્વરૂપે સામે આવવું જોઈએ.

આથી મંત્રાલયો અને રાજ્યોને કહેવામાં આવ્યું કે તેઓ કામને શરૂઆતથી લઈને અંત સુધી પૂરું કરવાનો અભિગમ અપનાવે અને એવી ખામીઓને દૂર કરે જેના કારણે સમગ્ર પ્રોજેક્ટ શરૂ થવામાં અને તેનો લાભ મળવામાં વિલંબ થઈ શકે છે. તેમણે મંત્રાલયો અને રાજ્ય સરકારોમાં સક્રિય કાર્યસંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તેમજ પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે દરેક સ્તરે જવાબદારી

**પ્રગતિની 53 બેઠકોમાં પ્રધાનમંત્રી મોદીએ આશરે 86 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સની સમીક્ષા કરીને તેના અવરોધો દૂર કર્યા.**

સ્વીકારવાનું આહ્વાન કર્યું હતું.

### એઆઈ જેવી નવી ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ પર ભાર

ડિજિટલ કૃષિ મિશન અંતર્ગત 'એગ્રીસ્ટેક'ની સમીક્ષા કરતી વખતે, પ્રધાનમંત્રીએ કૃષિ ડેટાનો વધુ લાભ ઉઠાવવા માટે એઆઈ જેવી નવી ડિજિટલ તકનીકોનો ઉપયોગ કરવાની જરૂરિયાત દર્શાવી. તેમણે જણાવ્યું કે ઈનપુટ પ્લાનિંગથી માંડીને પ્રોસેસિંગ સુધી, સમગ્ર કૃષિ મૂલ્ય શૃંખલામાં ડેટા ઈકોસિસ્ટમનો અસરકારક રીતે ઉપયોગ થવો જોઈએ, જેથી સચોટ માહિતીના આધારે પગલાં લઈ શકાય. ડેટાના આધારે નિર્ણયો લઈ શકાય અને યોગ્ય લોકો સુધી સહાય પહોંચાડી શકાય. તેમણે એગ્રીસ્ટેક વ્યવસ્થા ઊભી કરવામાં રાજ્યો અને કેન્દ્ર સરકારના પ્રયાસોની પ્રશંસા કરવાની સાથે ખેડૂતો માટે વધુ સારાં પરિણામો મેળવવા તેના ઉપયોગને વધુ સુદ્રઢ બનાવવાનું આહ્વાન કર્યું.

સાયબર છેતરપિંડીના કેસોની સમીક્ષા દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે તાલીમ, જાગૃતિ અને શિક્ષણ પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને આવા કેસોને અટકાવવાનું સુદ્રઢ બનાવવું જોઈએ. સાયબર છેતરપિંડીના કેસોની સમીક્ષામાં 'ડિજિટલ એરેસ્ટ'ની ઘટનાઓ પણ સામેલ હતી. તેમણે ખાસ કરીને વડીલો, યુવાનો અને નબળા વર્ગો માટે સતત જાગૃતિ અભિયાન ચલાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે આવા વર્ગોને છેતરપિંડીની રીત-તકનિક, ચેતવણીના સંકેતો અને સુરક્ષિત ડિજિટલ પદ્ધતિઓ વિશે આ અભિયાનો દ્વારા માહિતી આપવામાં આવે. તેમણે આ ક્ષેત્ર સાથે સંકળાયેલા કર્મચારીઓની ક્ષમતા વધારવા માટે નિયમિત તાલીમ આપવાની પણ વાત કરી, જેથી સાયબર છેતરપિંડીની નવી-નવી પદ્ધતિઓને ઓળખી શકાય.



## કામ ઝડપથી પૂર્ણ કરવા પર વિશેષ ભાર

પીએમ મોદીએ સંપર્કને મજબૂત કરવા, ઔદ્યોગિક અને આર્થિક ગતિવિધિઓને પ્રોત્સાહન આપવા અને જાહેર સેવાઓમાં સુધારો લાવવા માટેના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરતી વખતે સમય-મર્યાદાનું પાલન, વિવિધ એજન્સીઓ વચ્ચે તાલમેલ, પડતર મુદ્દાઓના ઉકેલ અને કામ ઝડપથી પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂક્યો.

આ પ્રોજેક્ટ્સ નવ રાજ્યોમાં ફેલાયેલા છે અને તેનો કુલ ખર્ચ

**30,000**

કરોડ રૂપિયાથી વધુ છે.



*કામ ઝડપથી પૂર્ણ કરવાની સાથે-સાથે તેની ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન થવી જોઈએ.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*



# કતારથી ક્યૂઆર કોડ સુધી

## નવા ભારતની યુપીઆઈ ચુકવણી ક્રાંતિ



***પૉકેટમાંથી નીકળતી નોટો, ગલ્લામાં ગણીને મુકાતા સિક્કા અને એટીએમની કતારો–આ બધું હવે ભારતમાં માત્ર જૂની યાદો બનીને રહી ગયું છે. એક ક્યૂઆર કોડ, એક સ્કેન અને ગણતરીની સેકન્ડો–આજે દેશમાં લેવડ-દેવડની આ જ નવી ભાષા છે. દસ વર્ષ પહેલાં 25 ઑગસ્ટે એક પરિવર્તનકારી શરૂઆત થઈ હતી, જે આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઇમ પેમેન્ટ સિસ્ટમ બનીને ભારતની આગવી ઓળખ બની ચૂકી છે. આ કહાની છે એ પરિવર્તનની, જેણે લારી-ગલ્લાવાળાથી લઈને મોટા વેપારીઓ સુધી અને દેશથી લઈને વિદેશ સુધી, લોકોનાં જીવનને સરળ બનાવ્યું છે...***

**મુઝફ્ફરપુરનાં રાજકુમારી દેવી 'સાયકલ ચાચી' તરીકે જાણીતાં છે. તેઓ અથાણું બનાવવાનું કામ કરે છે અને સાયકલ પર તેને વેચવા નીકળે છે. તેઓ જણાવે છે કે લોકો છૂટા નથી તેમ કહીને 40-50 રૂપિયા ઓછા આપતા હતા. કહેતા કે પછી આપી દઈશું, પણ ભૂલી જતા. તેઓ કહે છે કે અમને નફો જ નહોતો થતો, પરંતુ હવે યુપીઆઈ આવ્યા પછી એવું બનતું નથી. જ્યારથી યુપીઆઈ દ્વારા નાણાં સ્વીકારવાનું શરૂ કર્યું છે ત્યારથી વેપારમાં વૃદ્ધિ થઈ છે. યુપીઆઈએ તેમના વ્યવસાયને માત્ર નવી ગતિ જ નથી આપી, પરંતુ સરળ ડિજિટલ ચૂકવણીએ દરેક લેવડ-દેવડને આસાન, ઝડપી અને સુરક્ષિત બનાવી દીધી છે.**

**એક અન્ય મહિલા, જેમને બેંકમાંથી નાણાં ઉપાડવામાં મુશ્કેલી પડતી હતી, તેઓ હવે યુપીઆઈ આવ્યા પછી ખૂબ ખુશ છે. તેઓ જણાવે છે કે પહેલાં અમારે નાણાં ઉપાડવા માટે બબ્બે કલાક લાઈનમાં ઊભા રહેવું પડતું હતું. કેટલીય વાર તો એવું પણ બન્યું છે કે અમારે પૈસા ઉપાડ્યા વગર જ પાછા ફરવું પડતું. હવે યુપીઆઈ આવ્યા પછી અમે સરળતાથી ઘેરબેઠાં જ લેવડ-દેવડ કરી શકીએ છીએ.**

આ વાત માત્ર મુઝફ્ફરપુરનાં રાજકુમારી દેવી પૂરતી સીમિત નથી, પરંતુ દેશભરમાં આવા લાખો લારી-ગલ્લાવાળા કે નાના વેપારીઓ છે, જેમની દુકાનનું કાઉન્ટર આજે એક ક્યૂઆર કોડથી સજી ચૂક્યું છે. આ જ એ પાયાની વાસ્તવિકતા છે, જે દર્શાવે છે કે યુપીઆઈ માત્ર એક ટેકનોલોજી નથી, પરંતુ કરોડો ભારતીયોનાં આત્મસન્માન અને આત્મનિર્ભરતાની કહાની છે.

યુપીઆઈનાં 10 વર્ષ પૂરા થવા પર પ્રધાનમંત્રીએ પોતાના અનુભવો શેર કર્યા હતા. તેમણે જણાવ્યું કે છેલ્લાં દસ વર્ષમાં યુપીઆઈએ દેશના ખૂણે-ખૂણે પોતાની વ્યાપક પહોંચ બનાવીને ડિજિટલ ચુકવણીને સામાન્ય નાગરિકોનાં દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવી દીધું છે. યુપીઆઈની ગૌરવપૂર્ણ સફરને રેખાંકિત કરતાં તેમણે કહ્યું કે તેની ઉપલબ્ધિઓ પર દરેક ભારતીય ગર્વ કરી શકે છે.

વર્ષ 2016માં ભારતીય રાષ્ટ્રીય ચૂકવણી નિગમ (એનપીસીઆઈ)એ 'યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ' (યુપીઆઈ)ની શરૂઆત કરી હતી, જેણે ભારતમાં નાણાકીય લેવડ-દેવડને અત્યંત સરળ બનાવી દીધી. તેના દ્વારા

# યુપીઆઈનો પરિવર્તનકારી દાયકો

- નાણાકીય વર્ષ 2016-17માં યુપીઆઈ મારફતે આશરે બે કરોડ વ્યવહારો થયા હતા અને તેમનું કુલ મૂલ્ય માંડ સાત હજાર કરોડ રૂપિયાની આસપાસ હતું. દસ વર્ષ પછી ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. નાણાકીય વર્ષ 2025-26માં યુપીઆઈ પ્લેટફોર્મ પર ચોવીસ હજાર કરોડથી વધુ વ્યવહારો નોંધાયા, જેનું કુલ મૂલ્ય રૂપિયા 314.23 લાખ કરોડથી વધુ રહ્યું. એટલે કે વ્યવહારોની સંખ્યામાં આશરે બાર હજાર ગણો અને મૂલ્યમાં ચાર હજાર ગણાથી વધુનો જંગી ઉછાળો આવ્યો છે.

- સંસદમાં તાજેતરમાં રજૂ કરાયેલા સરકારી આંકડા અનુસાર, જૂન 2026 સુધીમાં યુપીઆઈ પ્લેટફોર્મ 55.5 કરોડ વ્યક્તિઓ અને 6.5 કરોડ વેપારીઓને સેવા આપે છે. 740થી વધુ બેંકો– જેમાં સરકારી, ખાનગી, સ્મોલ ફાઈનાન્સ, પેમેન્ટ અને સહકારી બેંકો સામેલ છે–આ તમામ એક જ મંચ પર પરસ્પર જોડાયેલી છે. આ એ જ 'ઈન્ટર-ઓપરેબિલિટી' છે જેના વખાણ કરતા આઈએમએફના નિષ્ણાતો થાકતા નથી. કોઈ એક એપ કે બેંક પૂરતી મર્યાદિત ન રહીને દરેક સિસ્ટમને અન્ય સિસ્ટમ સાથે જોડી દેવાનો વિચાર આમાં સમાયેલો છે.

## છેલ્લાં પાંચ નાણાકીય વર્ષોમાં યુપીઆઈ દ્વારા લેવડદેવડની ગતિ - માત્રા અને મૂલ્ય બંનેમાં સતત તેજી

| નાણાકીય વર્ષ | લેવડદેવડ (કરોડમાં) | મૂલ્ય (લાખ કરોડ રૂપિયામાં) |
|---|---|---|
| 2021-22 | 4,595.61 | 84.16 |
| 2022-23 | 8,371.44 | 139.15 |
| 2023-24 | 13,112.95 | 199.95 |
| 2024-25 | 18,586.60 | 260.56 |
| 2025-26 | 24,161.69 | 314.23 |

માસિક રેકોર્ડઃ માર્ચ 2026ના એક જ મહિનામાં 2,264 કરોડ વ્યવહારો નોંધાયા હતા, જેમનું મૂલ્ય 29.53 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.

સ્રોતઃ નાણા મંત્રાલય, લોકસભામાં રજૂ કરાયેલા આંકડા (જૂન 2026)




એકાઉન્ટ નંબર કે આઈએફએસસી કોડ શેર કર્યા વિના, માત્ર એક મોબાઈલ નંબર, યુપીઆઈ આઈડી અને સુરક્ષિત પિનની મદદથી ત્વરિત નાણાં મોકલી શકાય છે. 24×7 કાર્યરત આ પ્રણાલી વિવિધ બેંકો અને એપ્સ વચ્ચે રિયલ-ટાઈમમાં કામ કરે છે. તમામ બેંકો વચ્ચેનો પરસ્પર તાલમેલ અને ઓછા ખર્ચના કારણે તેનો વિસ્તાર ઝડપથી થયો છે. એપ્રિલ 2016માં જ્યાં આની સાથે 21 બેંકો જોડાયેલી હતી, ત્યાં ઑગસ્ટ 2026 સુધીમાં આ સંખ્યા વધીને 741 થઈ ગઈ છે. યુપીઆઈએ માત્ર ચુકવણીને જ સરળ નથી બનાવી, પરંતુ નાણાકીય સમાવેશને પણ નવી દિશા આપી છે. રોકડ પરની નિર્ભરતામાં ઘટાડો થયો છે. ત્વરિત વ્યવહારોએ રોકડની જરૂરિયાત ઘટાડી છે અને પારદર્શિતા વધારી છે. છેવાડાના માનવી સુધી પહોંચીને યુપીઆઈએ જીવનને બહુ સરળ બનાવી દીધું છે.

ઓટો ચાલકો, લારી-ગલ્લાવાળા, ગ્રામીણ બજારોના ખેડૂતો અને ઘરેલુ



**55.49+**
કરોડ લોકો
**6.5**
કરોડ વેપારીઓ ઉપયોગકર્તા છે
(જૂન 2026)

**741**
બેંકો જોડાયેલી છે

**85%**
ભારતના ડિજિટલ પેમેન્ટમાં હિસ્સેદારી

**50%**
વિશ્વના રિયલ-ટાઇમ પેમેન્ટમાં યુપીઆઈની ભાગીદારી

## યુપીઆઈ: એક દાયકાનાં સીમાચિહ્નો

| | |
|---|---|
| 2016: | 11 એપ્રિલે મુંબઈમાં તત્કાલીન આરબીઆઈ ગવર્નર દ્વારા યુપીઆઈનો પાયલટ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો. |
| 2016-17: | 25 ઑગસ્ટ 2016ના રોજ યુપીઆઈ સામાન્ય જનતા માટે શરૂ થયું. પ્રથમ વર્ષમાં આશરે બે કરોડ લેવડદેવડ. |
| 2019: | પીએમ સ્વનિધિ યોજનાથી લારી-ગલ્લા અને પાથરણાવાળા ફેરિયાઓને ઔપચારિક ધિરાણ તેમજ ડિજિટલ ચૂકવણી સાથે જોડવાની પહેલમાં ઝડપ આવી. |
| 2021-22: | વાર્ષિક વ્યવહારો સાડા ચાર હજાર કરોડને પાર પહોંચ્યા; યુપીઆઈ શહેરોમાંથી નીકળીને ગામડાંઓ સુધી પહોંચ્યું. |
| 2023: | ફ્રાન્સમાં એફિલ ટાવર સહિત અનેક સ્થળોએ યુપીઆઈ પેમેન્ટ સુવિધા શરૂ થઈ. |
| 2025: | ઑગસ્ટ મહિનામાં માસિક લેવડદેવડ પહેલીવાર બે હજાર કરોડને પાર; આઈએમએફએ યુપીઆઈને વૈશ્વિક ઉદાહરણ ગણાવ્યું. |
| 2025-26: | વાર્ષિક વ્યવહારો ચોવીસ હજાર કરોડને પાર પહોંચ્યા, જેનું કુલ મૂલ્ય 314 લાખ કરોડ રૂપિયાથી વધુ નોંધાયું. |
| 2026: | સંસદે પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમ એક્ટમાં સુધારો પસાર કર્યો; ગ્રાહકો માટે યુપીઆઈ મફત જ રહેશે. |

કામદારો હવે સરળતાથી ક્યૂઆર કોડ અને સ્માર્ટફોન દ્વારા લેવડ-દેવડ કરી રહ્યા છે, જેનાથી શહેરી-ગ્રામીણ તેમજ ઔપચારિક-અનૌપચારિક ક્ષેત્રો વચ્ચેનું અંતર દૂર થયું છે. ઔપચારિક નાણાકીય વ્યવસ્થા સાથે જોડાવાને કારણે નાના વેપારીઓ અને અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે ધિરાણ અને બચતના નવા માર્ગો ખુલ્યા છે.

આજે યુપીઆઈ એક વ્યાપક નાણાકીય પ્લેટફોર્મ બની ચૂક્યું છે. નાની

> *યુપીઆઈનું આપણું પોતાનું પ્લેટફોર્મ આજે વિશ્વ માટે અજાયબી બની ગયું છે, એકલું ભારત રિયલ-ટાઇમ લેવડદેવડમાં અડધોઅડધ હિસ્સેદારી ધરાવે છે.*
>
> *- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

# લારી-ગલ્લાથી મૉલ સુધી: દરેક હાથમાં યુપીઆઈ

યુપીઆઈની ખરી તાકાત તેના આંકડાઓમાં એટલી નથી, જેટલી તેની પહોંચમાં છે. કુલ ટ્રાન્ઝેક્શન્સમાં 63% હિસ્સો પર્સન ટુ મરચન્ટ એટલે કે પી2એમ પેમેન્ટનો છે. તેમાં પણ 86% વ્યવહારો 500 રૂપિયાથી ઓછી રકમના છે. આનો સીધો અર્થ એ છે કે યુપીઆઈ હવે માત્ર મોટા શહેરોની સુવિધા નથી રહ્યું. તે શાકભાજીવાળા, ચા વાળા, ઓટોરિક્ષા ચાલક અને શેરી-મહોલ્લાની નાની દુકાનો સુધી પહોંચી ચૂક્યું છે. ઓટોરિક્ષા ચાલક હોય કે લારી-ગલ્લાવાળા, હવે કોઈને પણ પેસેન્જર કે ગ્રાહક સાથે 'છૂટા પૈસા' અંગે માથાકૂટ કરવાની જરૂર પડતી નથી; ક્યૂઆર કોડનું એક સ્કેન જ પૂરતું છે.

- પીએમ સ્વનિધિ યોજના હેઠળ લારી-ગલ્લાવાળા ફેરિયાઓને ઔપચારિક ધિરાણ સાથે જોડી દેવાયા બાદ આ વર્ગ પણ હવે બેંકિંગ સિસ્ટમનો હિસ્સો બની ગયો છે. જે વેપારી ક્યારેક માત્ર રોકડ વ્યવહાર પૂરતો સીમિત હતો, તે આજે યુપીઆઈ દ્વારા પોતાની ડિજિટલ લેવડદેવડનો ઈતિહાસ બનાવી રહ્યો છે. આ જ ઈતિહાસ ભવિષ્યમાં તેને કોઈપણ ગૅરંટી વગર નાની લોન અપાવવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યો છે.

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઘણી વાર તેને 'સૌ માટે મંચ, સૌ માટે પ્રગતિ'ના સિદ્ધાંત તરીકે રેખાંકિત કરે છે. તેઓ કહે છે કે આધાર, ડિજિલોકર, ઓએનડીસી અને યુપીઆઈ જેવા ખુલ્લા ડિજિટલ પ્લેટફોર્મ્સે ભારતને એવું જાહેર માળખું પૂરું પાડ્યું છે, જેમાં મૉલમાં ખરીદી કરતો ગ્રાહક અને રસ્તાના છેડે લારી લગાવતો ફેરિયો બંને એક જ સુવિધાનો લાભ મેળવે છે.




*આજે પીએમ સ્વનિધિ સાથે જોડાયેલો લારી-ગલ્લાવાળો પણ યુપીઆઈથી લેવડદેવડ કરે છે. આ જ સમાવેશી ભારતની સાચી તસવીર છે.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

ચુકવણીઓ માટે 'યુપીઆઈ લાઈટ', બિલ અને સબસ્ક્રિપ્શન માટે 'યુપીઆઈ ઓટો-પે' તથા પૂર્વ-મંજૂર લોન મર્યાદા માટે 'યુપીઆઈ પર ક્રેડિટ' જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ મજબૂત માળખાના આધારે બેંકો અને ફિનટેક કંપનીઓ લોકોની જરૂરિયાત મુજબ નાણાકીય ઉત્પાદનો દેશના ખૂણે-ખૂણે પહોંચાડી રહી છે.

# ત્રણ સ્તંભો પર ટકેલો મજબૂત પાયો

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના નિષ્ણાતો જ્યારે યુપીઆઈની સફળતાનું વિશ્લેષણ કરે છે, ત્યારે તેઓ માત્ર યુપીઆઈની વાત નથી કરતા. તેઓ આને ભારતના વ્યાપક ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે કે ડીપીઆઈ મૉડલનું પરિણામ માને છે, જેનો પાયો ત્રણ સ્તંભો પર ટકેલો છેઃ જન ધન, આધાર અને મોબાઈલ. સરકાર આને ટૂંકમાં 'જેએએમ ત્રિપૂટી' કહે છે...



## જન ધન

કરોડો નાગરિકોનાં બેંક ખાતાં ખોલીને દરેક પરિવારનું ઔપચારિક બેંકિંગ વ્યવસ્થા સાથે જોડાણ.

**59 કરોડથી** વધુ જનધન ખાતાં (26 ઑગસ્ટ, 2026 સુધી).



## આધાર

દરેક ભારતીયને એક વિશિષ્ટ ડિજિટલ ઓળખ મળી, જેણે ખાતું ખોલાવવા અને ચકાસણીને સરળ બનાવી.

**145 કરોડ** આધાર નંબર જુલાઈ, 2026 સુધીમાં જારી કરાયા

## મોબાઈલ

વિશ્વના સૌથી સસ્તા મોબાઈલ ડેટાએ દરેક હાથને ઈન્ટરનેટ અને પેમેન્ટ પ્લેટફોર્મ સાથે જોડી દીધો.



**120 કરોડથી** વધુ મોબાઈલ ફોન યુઝર્સ જુલાઈ, 2026 સુધી.

***આ ત્રણેય પાયાના પથ્થરો પર જ્યારે ચૂકવણીનું પડ ચડ્યું, ત્યારે યુપીઆઈનો જન્મ થયો. આઈએમએફનું માનવું છે કે રોકડ પર નિર્ભર બાકીના દેશો પણ આ જ રીતે ઓળખ, ખાતું, કનેક્ટિવિટી અને ત્યારબાદ ચુકવણીને અપનાવીને પોતાના દેશમાં નાણાકીય સમાવેશની ગતિ વધારી શકે છે.***




### યુપીઆઈ અને સામાન્ય નાગરિકનો ભરોસો

બિહારના મુઝફ્ફરપુરનાં રાજકુમારી માત્ર એકલી જ એવી મહિલા નથી; આવી અસંખ્ય કહાનીઓ છે જેમનું જીવન અને વ્યવસાય યુપીઆઈએ સરળ બનાવ્યાં છે. દિલ્હીની કોઈ ગલીમાં ચાટની દુકાને ભીડ જામી હોય કે કોઈ ગામડાંની કરિયાણાની દુકાન હોય, હવે દરેક જગ્યાએ એકસરખું જ દ્રશ્ય જોવા મળે છેઃ ગ્રાહક મોબાઈલ કાઢે છે, ક્ષણભરમાં પેમેન્ટ પૂરું થઈ જાય છે અને દુકાનમાં મુકેલું સાઉન્ડ બોક્સ બોલી ઊઠે છે. ન વૉલેટ કાઢવાની ઉતાવળ, ન છૂટા પૈસાની કોઈ ઝંઝટ. આ સહજતા અમસ્તી જ નથી આવી; તેની પાછળ એક સુવિચારિત નીતિ, તકનીકી ક્રાંતિ અને કરોડો ભારતીયોનો અતૂટ વિશ્વાસ જોડાયેલો છે, જેનું નામ છે–યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ એટલે કે યુપીઆઈ.

# શા માટે યુપીઆઈ છે યુનિક...

- મોબાઈલ ફોન દ્વારા 24×7 અને 365 દિવસ ત્વરિત નાણાં ટ્રાન્સફર કરવાની સુવિધા.
- એક જ એપ્લિકેશનમાંથી અનેક બેંક ખાતાઓ સુધી પહોંચ.
- દ્વિ-સ્તરીય પ્રમાણીકરણ, એટલે કે સુરક્ષા અને સરળતા બંને સાથે-સાથે.
- વર્ચ્યુઅલ એડ્રેસની સુવિધા-ખાતા નંબર કે કાર્ડની વિગતો શેર કરવાની જરૂર નહીં.
- ક્યૂઆર કોડ અને ઈન્ટેન્ટ આધારિત પેમેન્ટની સરળ સુવિધા.
- કેશ ઓન ડિલિવરી અને છૂટા પૈસાની ઝંઝટમાંથી કાયમી મુક્તિ.
- વ્યક્તિ-થી-વ્યક્તિ (પી2પી) અને વ્યક્તિ-થી-વેપારી (પી2એમ) બંને પ્રકારની ચુકવણી એક જ મંચ પર.
- મોબાઈલ એપ પરથી સીધી જ ફરિયાદ નોંધાવવા અને તેના નિવારણની વ્યવસ્થા.

## ભારતીય ઈનોવેશનની વૈશ્વિક સ્વીકાર્યતા

- જૂન 2025માં આઈએમએફ એ એક ફિનટેક નોટ પ્રકાશિત કરી હતી, જેનો વિષય હતો 'વધતા રિટેલ ડિજિટલ પેમેન્ટ્સમાં ઈન્ટરઓપરેબિલિટીની ભૂમિકા'. તેમાં જણાવાયું હતું કે 2016માં શરૂ થયેલી ભારતની આ ચુકવણી વ્યવસ્થા સમગ્ર ડિજિટલ પેમેન્ટ પરિદ્રશ્ય માટે એક અજોડ ઉદાહરણ બની ગઈ છે. થોડા મહિનાઓ પછી, સપ્ટેમ્બર 2025માં આઈએમએફના પોતાના સામાયિક 'ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ'એ ભારતના અવિરત પેમેન્ટ તંત્ર પર એક વિગતવાર લેખ પ્રકાશિત કર્યો હતો, જેમાં નોંધવામાં આવ્યું કે યુપીઆઈ હવે વિશ્વની સૌથી મોટી પેમેન્ટ સિસ્ટમ બની ચૂક્યું છે, જેના દ્વારા દર મહિને સરેરાશ 19 અબજથી વધુ વ્યવહારો થાય છે.

- આ પ્રશંસા કોઈ યોગાનુયોગનું પરિણામ નથી. દાયકાઓ સુધી વૈશ્વિક નાણાકીય માળખા પર પશ્ચિમી સંસ્થાઓ અને કાર્ડ નેટવર્ક્સનું પ્રભુત્વ રહ્યું. પ્રથમ વખત કોઈ વિકાસશીલ દેશનું જાહેર ડિજિટલ પ્લેટફોર્મ વિશ્વ સમક્ષ નિકાસ-યોગ્ય મૉડલ તરીકે ઊભું રહ્યું છે. આ પરિવર્તન ભલે કોઈ મોટા હોબાળા વચ્ચે ન આવ્યું હોય, પરંતુ તેનો પડઘો ખૂબ ઊંડો છે. આ માત્ર નાણાંની અવરજવર પૂરતી વાત નથી, પરંતુ નવીનતા, સમાવેશકતા અને વિશ્વાસને લઈને વૈશ્વિક સ્તરે ભારતની વધેલી શાખની પણ ગાથા છે.




> ***એક દાયકા પહેલાં શરૂ થયેલા યુપીઆઈએ દેશમાં ડિજિટલ લેવડદેવડને સરળ, ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક બનાવીને ચુકવણીની પદ્ધતિઓમાં મોટું પરિવર્તન લાવી દીધું છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

આ જ વિશ્વાસના કારણે ભારતમાં દર સેકન્ડે 1 કરોડ યુપીઆઈ પેમેન્ટ થઈ રહ્યા છે એટલું જ નહીં, પરંતુ દર 2 વૈશ્વિક યુપીઆઈ પેમેન્ટમાંથી 1 પેમેન્ટ ભારતમાં થઈ રહ્યું છે. આ માટે દેશમાં 81 કરોડથી વધુ યુપીઆઈ પેમેન્ટ પોઈન્ટ્સનો ઉપયોગ થઈ રહ્યો છે. આ જ કારણ છે કે આજે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એટલે કે આઈએમએફ જેવી વૈશ્વિક સંસ્થાના અર્થશાસ્ત્રીઓ પણ યુપીઆઈની સફળતાને ઊંડાણપૂર્વક સમજવામાં લાગેલા

# વિશ્વને રાહ ચીંધતું ભારતનું યુપીઆઈ મૉડલ

જે પ્રયોગ ક્યારેક મુંબઈની એક શાખા પૂરતો સીમિત હતો, તે આજે વિશ્વના અનેક દેશોમાં પોતાનો સિક્કો જમાવી રહ્યો છે. સિંગાપુરમાં યુપીઆઈને ત્યાંની પેમેન્ટ સિસ્ટમ 'પે-નાઉ' સાથે જોડવામાં આવ્યું છે, જેનાથી બંને દેશો વચ્ચે સરહદ પાર નાણાં હસ્તાંતરણ ગણતરીની ક્ષણોમાં શક્ય બન્યું છે. સંયુક્ત આરબ અમીરાત અને મોરેશિયસમાં ભારતીય પ્રવાસીઓ હવે સ્થાનિક દુકાનોમાં યુપીઆઈ દ્વારા ચુકવણી કરી શકે છે. ફ્રાન્સમાં તો પેરિસના પ્રખ્યાત એફિલ ટાવર પર પણ હવે ભારતીય પ્રવાસીઓ માત્ર એક ક્યૂઆર કોડ સ્કેન કરીને રૂપિયામાં પોતાનું બિલ ચૂકવી શકે છે. નેપાળ, ભૂતાન અને શ્રીલંકામાં યુપીઆઈ પહેલેથી જ સ્વીકાર્ય છે, જ્યારે કતાર, ગ્રીસ અને કંબોડિયામાં સ્થાનિક ભાગીદાર સંસ્થાઓ સાથે મળીને તેનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. એશિયા, આફ્રિકા અને યુરોપની અનેક સેન્ટ્રલ બેંકો તેમજ ફિનટેક કંપનીઓ સાથે પણ વાતચીત ચાલી રહી છે. કુલ મળીને આજે એક ડઝનથી વધુ દેશોમાં યુપીઆઈ આધારિત પેમેન્ટ સુવિધા કોઈ ને કોઈ સ્વરૂપે ઉપલબ્ધ છે.

## આંતરરાષ્ટ્રીય ઉપસ્થિતિએ ભારતના ઈનોવેશનને આપી નવી તાકાત




- **સિંગાપુર:** 'પે-નાઉ' સાથે સંકલિત, સીમા પાર તત્કાલ નાણાં હસ્તાંતરણની સુવિધા.
- **સંયુક્ત આરબ અમીરાત:** મુખ્ય વ્યાપારી મથકો પર સ્વીકાર્ય, ભારતીય પ્રવાસીઓમાં અત્યંત લોકપ્રિય.
- **ફ્રાન્સ:** ભારતીય પ્રવાસીઓ માટે એફિલ ટાવર સહિત અનેક સ્થળોએ પેમેન્ટ સુવિધા ઉપલબ્ધ.
- **ભૂતાન અને નેપાળ:** દેશભરમાં વ્યાપક રીતે સ્વીકાર્ય, એનપીસીઆઈ સક્ષમ રિયલ-ટાઈમ ક્રોસ-બોર્ડર વ્યવસ્થા.
- **શ્રીલંકા અને મોરેશિયસ:** સ્થાનિક પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સફળ એકીકરણ.
- **કતાર, ગ્રીસ અને કંબોડિયા:** સ્થાનિક બેંકો સાથે ભાગીદારી દ્વારા નેટવર્કનો વિસ્તાર ચાલુ.
- **ઉઝબેકિસ્તાન:** યુપીઆઈ સેવાઓ માટે 20 ઑગસ્ટ 2026ના રોજ સમજૂતી કરાર સંપન્ન.

છે. જે દેશ દાયકાઓ સુધી રોકડ પર નિર્ભર રહ્યો, તે આજે ડિજિટલ ચુકવણીની ક્રાંતિમાં બાકીના વિશ્વને નવી રાહ ચીંધી રહ્યો છે.

### જાણો: યુપીઆઈ શું છે?

યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ એક એવી પ્રણાલી છે, જે એક જ મોબાઈલ એપ્લિકેશન મારફતે અનેક બેંક ખાતાઓને પરસ્પર જોડે છે. આના દ્વારા કોઈપણ વ્યક્તિ માત્ર એક વર્ચ્યુઅલ એડ્રેસ અથવા ક્યૂઆર કોડની મદદથી, એકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડ યાદ રાખ્યા વગર જ, 24 કલાક અને વર્ષના 365 દિવસ તત્કાલ નાણાં મોકલી કે મેળવી શકે છે. આનું સંચાલન ભારતીય રિઝર્વ બેંકના માર્ગદર્શન હેઠળ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા કરે છે.

# સંસદ દ્વારા પસાર કરાયેલો નવો કાયદો

ઑગસ્ટ 2026માં સંસદના બંને ગૃહોએ 'કરવેરા અને અન્ય કાયદા (સુધારા) બિલ, 2026'ને મંજૂરી આપી, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ પોતાની સ્વીકૃતિ આપી દીધી છે. આ બિલનો એક મહત્વપૂર્ણ ભાગ ચુકવણી અને પતાવટ પ્રણાલી અધિનિયમ, 2007માં સુધારા સાથે જોડાયેલો છે. આ જ કારણસર યુપીઆઈને લઈને દેશભરમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે.

## કાયદાના મુખ્ય મુદ્દા સરળ ભાષામાં સમજો...

- આ સુધારો પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ, 2007માં ફેરફાર કરે છે; અગાઉ બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઇડર્સને યુપીઆઈ જેવા સૂચિત ઈલેક્ટ્રોનિક પેમેન્ટ મોડ્સ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ વસૂલવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.
- સુધારા પછી, સરકારને ભવિષ્યમાં અધિસૂચના બહાર પાડીને બેંકો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઇડર્સને અમુક પસંદગીની શ્રેણીઓના વ્યાપારી વ્યવહારો પર સેવા શુલ્ક નક્કી કરવાનો અધિકાર મળશે.
- નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં સ્પષ્ટતા કરી છે કે સામાન્ય ગ્રાહકો માટે યુપીઆઈ સંપૂર્ણપણે મફત જ રહેશે, જેમ તે શરૂઆતથી જ રહ્યું છે; કોઈપણ સામાન્ય નાગરિકે યુપીઆઈ દ્વારા ચુકવણી કરવા બદલ કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં.




- સંભવિત ચાર્જ માત્ર અમુક મોટા અને પસંદગીના વ્યાપારી કેટેગરીના વ્યવહારો પર જ લાગુ કરવાની વાત કરવામાં આવી છે, જેની વિગતો ભવિષ્યમાં અલગથી અધિસૂચિત કરવામાં આવશે.
- આ વિધેયક કરવેરા સાથે સંકળાયેલા અન્ય ઘણા મહત્વપૂર્ણ વિષયોને પણ આવરી લે છે, જેમ કે વિદેશી રોકાણને સરળ બનાવવું, સ્થાનિક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવું અને કાચા હીરાના વેપારમાં રાહત પૂરી પાડવી.
- સરકારનું કહેવું છે કે આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય યુપીઆઈની સફળતાને જાળવી રાખીને સમગ્ર પેમેન્ટ ઈકોસિસ્ટમને વધુ મજબૂત અને ટકાઉ બનાવવાનો છે, જેથી બેંકો અને સર્વિસ પ્રોવાઇડર્સને આ વિશાળ માળખાની જાળવણી માટે પૂરતા સંસાધનો મળતા રહે.

### મુંબઈથી શરૂ થઈ હતી યુપીઆઈની સફર

11 એપ્રિલ 2016નો દિવસ ભારતના ડિજિટલ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં નોંધાયેલો છે. આ જ દિવસે મુંબઈમાં તત્કાલીન રિઝર્વ બેંક ગવર્નરે તેને પાયલટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કર્યો હતો. શરૂઆતમાં તે ગણતરીની બેંકો અને પસંદગીના ગ્રાહકો પૂરતો સીમિત માત્ર એક પ્રયોગ હતો. 25 ઓગસ્ટે તે સામાન્ય જનતા માટે શરૂ કરવામાં આવ્યો. કોઈએ કદાચ કલ્પના પણ નહીં કરી હોય કે આવનારા દાયકામાં આ જ મંચ દેશના દરેક ખૂણે, દરેક હાથમાં રહેલા મોબાઈલ ફોનની અંદર વસી જશે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ રિઝર્વ બેંકના માર્ગદર્શન હેઠળ આ સિસ્ટમ ઊભી કરી હતી. આની સૌથી મોટી વિશેષતા એ રહી કે

## t

જેમ જેમ યુપીઆઈનો વ્યાપ વધ્યો છે, તેમ તેમ તેની સુરક્ષાને લઈને પણ એટલી જ ગંભીરતા દાખવવામાં આવી છે. સરકાર, રિઝર્વ બેંક અને એનપીસીઆઈએ સાથે મળીને છેતરપિંડી રોકવા માટે જોખમ-આધારિત વ્યવહારોની મર્યાદા નક્કી કરી છે. મોબાઈલ નંબરમાં અનધિકૃત ફેરફાર અને એસએમએસ આધારિત વેરિફિકેશનના દુરુપયોગને રોકવા માટે વિશેષ સુરક્ષાત્મક પગલાં લેવામાં આવ્યાં છે. કરોડો વપરાશકર્તાઓનો વિશ્વાસ અકબંધ રહે તે માટે એનપીસીઆઈએ તાજેતરમાં વ્યાપક 'યુપીઆઈ ઈન્ફોર્મેશન સિક્યુરિટી ફ્રેમવર્ક' અને 'મોબાઈલ એપ્લિકેશન સિક્યુરિટી ફ્રેમવર્ક' પણ બહાર પાડ્યું છે.

## સુરક્ષિત અને પારદર્શી ચુકવણી...

- રિઝર્વ બેંકે સપ્ટેમ્બર 2025માં જારી કરેલા નિર્દેશ હેઠળ 1 એપ્રિલ 2026થી યુપીઆઈ, ડેબિટ-ક્રેડિટ કાર્ડ અને મોબાઈલ વૉલેટ સહિતની તમામ ડિજિટલ ચૂકવણીઓ માટે ટૂ-ફેક્ટર ઓથેન્ટિકેશન ફરજિયાત બનાવ્યું છે.
- હવે દરેક ટ્રાન્ઝેક્શનને ઓછામાં ઓછા બે અલગ-અલગ અને સ્વતંત્ર માધ્યમોથી વેરિફાય કરવું ફરજિયાત છે, જેમ કે પિન, પાસવર્ડ, ઓટીપી અથવા બાયોમેટ્રિક ઓળખમાંથી કોઈપણ બે.
- આ પગલું ફિશિંગ અને સિમ-સ્વેપ જેવી છેતરપિંડીની વધતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને લેવાયું છે, જ્યાં માત્ર ઓટીપી આધારિત વેરિફિકેશન અસુરક્ષિત સાબિત થઈ રહ્યું હતું.

- રિઝર્વ બેંકનો હેતુ સ્પષ્ટ છેઃ સુરક્ષાનું એક વધારાનું સ્તર ઉમેરીને અનધિકૃત વ્યવહારો સંપૂર્ણપણે નાબૂદ કરવા અને ડિજિટલ પેમેન્ટ પ્રણાલીમાં જનતાનો વિશ્વાસ વધુ મજબૂત કરવો.




તેણે અલગ-અલગ બેંકોના ખાતાઓને એક જ મોબાઈલ એપ્લિકેશન દ્વારા પરસ્પર જોડી દીધા. ન કાર્ડ નંબર યાદ રાખવાની જરૂર, ન બેંક ખાતા નંબર અને ન તો આઈએફએસસી કોડ ટાઈપ કરવાની કોઈ ઝંઝટ. માત્ર એક વર્ચ્યુઅલ સરનામું, એક ક્યૂઆર કોડ અને નાણાં આંખના પલકારામાં એક ખાતામાંથી બીજા ખાતામાં પહોંચી જાય છે. એટલું જ નહીં, હવે તો દેશમાં ઈન્ટરનેટ વિના પણ યુપીઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે. UPI 123PAYના ઉપયોગ થકી યુપીઆઈ ચુકવણી કરવા માટે તમારે સ્માર્ટફોનની પણ જરૂર રહેતી નથી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હંમેશાં એ વાત પર ગર્વ વ્યક્ત કરતા રહ્યા છે કે વિશ્વના કુલ રિયલ-ટાઈમ ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સમાંથી લગભગ અડધોઅડધ હિસ્સો એકલું ભારત યુપીઆઈ દ્વારા સંભાળે છે. તેમના શબ્દોમાં, આ માત્ર એક તકનીકી સિદ્ધિ નથી, પરંતુ દેશનાં સામર્થ્ય અને આત્મનિર્ભરતાનું પ્રતીક

# યુપીઆઈ માત્ર ચુકવણી નહીં, નવીનતાનો નવો ચહેરો+

યુપીઆઈની આ યાત્રા અહીં જ નથી અટકતી. સરકારનો ઈરાદો સ્પષ્ટ છેઃ નવા વપરાશકર્તાઓ અને વેપારીઓને જોડતાં જોડતાં આગામી દસ વર્ષોમાં ઇનોવેશનના નવા આયામો આંબવા. છેલ્લાં એક જ વર્ષમાં યુપીઆઈએ અનેક નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. ઑગસ્ટ 2025માં પહેલીવાર માસિક ટ્રાન્ઝેક્શન્સ બે હજાર કરોડને પાર પહોંચ્યું, તો ડિસેમ્બર 2025માં આ આંકડો વધુ આગળ વધી ગયો. સમગ્ર 2025 દરમિયાન સરેરાશ પ્રતિદિન 60 કરોડ ટ્રાન્ઝેક્શન્સ નોંધાયા હતા.

> “
>
> ***સ્ટ્રીટ વેન્ડર્સથી લઈને તમારી કારના શોરૂમ સુધી, તમામ પેમેન્ટ્સ માત્ર એક ક્યૂઆર કોડ સ્કેન કરીને થઈ જાય છે. ઘણી વાર તો તમારી દીકરી ક્યૂઆર શેર કરી દે છે કે 'પપ્પા-મમ્મી મેં આ ડ્રેસ લીધો છે.' તમે ઘેરબેઠાં જ તેને શોપિંગ કરાવી દો છો. આ બાબતો અદ્ભુત છે. તમે વિચારો, 2014 પહેલાં આવી કેટલીય વાતો શું શક્ય હતી?***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



દિલ્હીના રસ્તા પર પોતાની લારી લગાવતો ફેરિયો, જે પોતાના સાઉન્ડ બોક્સ પર વાગતો ચુકવણીનો અવાજ સાંભળે છે, તે કદાચ નહીં જાણતો હોય કે તેની આ નાનકડી સુવિધા આઈએમએફ જેવી વૈશ્વિક સંસ્થાની નજરમાં એક ઉદાહરણરૂપ બની ચૂકી છે. પરંતુ તેનો રોજિંદો ભરોસો, ઝડપી, સુરક્ષિત અને રોકડ વગરનો વ્યવહાર જ એ અસલી તાકાત છે જેણે વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. યુપીઆઈ હવે માત્ર ચુકવણીનું માધ્યમ નથી રહ્યું, તે ભારતના ઈનોવેશનનો ચહેરો છે, સમાવેશી વિકાસનું પ્રતીક છે. રોકડથી ડિજિટલ તરફ આગળ વધવાનું સપનું જોતા તમામ દેશો માટે તે એક મોટી આશા છે. કતારમાં ઊભા રહીને કલાકો સુધી રાહ જોનારું ભારત હવે ક્યૂઆર કોડના એક સ્કેનમાં પોતાનું કામ પૂરું કરી લે છે. આ જ છે નવા ભારતની ચુકવણી ક્રાંતિઃ સરળ, સુરક્ષિત અને સૌ માટે સુલભ.




છે. યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસે છેલ્લા એક દાયકામાં ભારતનાં નાણાકીય પરિદ્રશ્યને સંપૂર્ણપણે બદલીને ડિજિટલ અર્થતંત્રને એક નવી દિશા આપી છે. નાણા મંત્રાલયના આંકડા અનુસાર, યુપીઆઈ મારફતે થતા ટ્રાન્ઝેક્શન્સની સંખ્યામાં લગભગ 13 હજાર ગણો ઐતિહાસિક ઉછાળો નોંધાયો છે. નાણાકીય વર્ષ 2016-17માં જ્યાં

# યુપીઆઈની સફર...

- **2016:** એપ્રિલ 2016માં 21 સભ્ય બેંકો સાથે પાયલટ પ્રોજેક્ટ લૉન્ચ કરવામાં આવ્યો હતો.



- **25 ઑગસ્ટ 2016:** સામાન્ય જનતા માટે શરૂ કરવામાં આવ્યું. બેંકોએ પોતાની યુપીઆઈ-સક્ષમ મોબાઈલ એપ્લિકેશન્સ ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ કરાવી દીધી હતી.



- **ભીમ એપ્લિકેશન:** ડિસેમ્બર 2016માં યુપીઆઈનો ઉપયોગ કરીને ડિજિટલ પેમેન્ટને સક્ષમ બનાવવા માટે લૉન્ચ કરવામાં આવી.



- **ડાયનેમિક ક્યૂઆર:** 2017માં શરૂ થયેલું એક રિટેલ મર્ચન્ટ પ્લેટફોર્મ છે, જે ડાયનેમિક ક્યૂઆર કોડ મારફતે યુપીઆઈ પેમેન્ટને સક્ષમ બનાવે છે. આમાં ચુકવણી કરનારની વિગતો અને ચોક્કસ રકમ પહેલેથી સામેલ હોય છે, જેથી મેન્યુઅલ રકમ દાખલ કરવાની જરૂર રહેતી નથી.



- **વર્ષ 2018:** ડિજિટલ પેમેન્ટને વધુ સરળ, સુરક્ષિત અને અવરોધરહિત બનાવવા માટે આધુનિક સુવિધાઓ સાથે યુપીઆઈ 2.0 અમલમાં મૂકવામાં આવ્યું.

- વર્ષ 2019માં સેબીએ રિટેલ વ્યક્તિગત રોકાણકારોને આઈપીઓ માટે અરજી કરતી વખતે પેમેન્ટના વિકલ્પ તરીકે યુપીઆઈનો ઉપયોગ કરવાની મંજૂરી આપી.

- ઓક્ટોબર 2019માં યુપીઆઈએ એક જ મહિનામાં 1 અબજ વ્યવહારોનો સીમાચિહ્ન હાંસલ કર્યો, જે દેશભરમાં તેનો ઝડપી સ્વીકાર દર્શાવે છે.

- સબ્સ્ક્રિપ્શન, યુટિલિટી બિલ, વીમા પ્રીમિયમ, એસઆઈપી અને ઈએમઆઈ માટે રિકરિંગ (આવર્તક) ઈ-પેમેન્ટની સુવિધા આપવા માટે યુપીઆઈ ઓટોપે લોન્ચ કરવામાં આવ્યું.




**વાર્ષિક લેવડદેવડનું પ્રમાણ (નાણાકીય વર્ષ 2016-17થી નાણાકીય વર્ષ 2025-26)**




(નોંધઃ યુપીઆઈની વાર્ષિક લેવડદેવડની સંખ્યા કરોડમાં)

યુપીઆઈ દ્વારા માત્ર 1 કરોડ 78 લાખ વ્યવહારો થયા હતા, ત્યાં 2025-26 સુધીમાં આ આંકડો અભૂતપૂર્વ ઉછાળા સાથે 24,162 કરોડથી પણ વધુ પહોંચી ગયો. વ્યવહારોની સંખ્યાની સાથોસાથ તેના કુલ મૂલ્યમાં પણ જબરદસ્ત વધારો થયો છે. આ જ સમયગાળા દરમિયાન યુપીઆઈ વ્યવહારોનું કુલ મૂલ્ય 7 હજાર કરોડ રૂપિયાથી વધીને આશરે 314 લાખ કરોડ રૂપિયાનાં વિશાળ સ્તર પર પહોંચી ગયું છે. આ અસાધારણ પ્રગતિ દર્શાવે છે કે યુપીઆઈ હવે માત્ર એક ટેકનિકલ વિકલ્પ ન રહેતાં ભારતના સામાન્ય જનજીવન, નાના વેપારીઓ અને મોટા વ્યવસાયોના દૈનિક નાણાકીય વ્યવહારોની કરોડરજ્જુ બની ગયું છે.

# યુપીઆઈ લેવડદેવડની મર્યાદા વધારીને લેવડદેવડ દીઠ ₹5 લાખ કરવામાં આવી

- ફીચર ફોન વપરાશકર્તાઓને યુપીઆઈ 123પે લૉન્ચ કરીને ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમમાં સામેલ કરવામાં આવ્યા. તે ઈન્ટરેક્ટિવ વૉઈસ રિસ્પોન્સ (આઈવીઆર) નંબર, એપ-આધારિત કાર્યક્ષમતા, મિસ્ડ કૉલ આધારિત અભિગમ અને નિકટવર્તી ધ્વનિ-આધારિત પેમેન્ટ દ્વારા વ્યવહારો કરવાની છૂટ આપે છે.

- ક્રેડિટ કાર્ડને યુપીઆઈ સાથે સંકલિત કરવાથી વપરાશકર્તાઓ માટે ડિજિટલ પેમેન્ટના વિકલ્પો વધુ વિસ્તર્યા.

- વર્ષ 2023માં યુપીઆઈ પર ક્રેડિટ લાઈનની શરૂઆત કરવામાં આવી.

- વર્ષ 2024માં યુપીઆઈ સર્કલ શરૂ કરવામાં આવ્યું, જેનાથી પ્રાથમિક વપરાશકર્તા પોતાના બેંક ખાતા પર પૂર્વનિર્ધારિત ટ્રાન્ઝેક્શન મર્યાદા સાથે ગૌણ વપરાશકર્તાઓને અધિકૃત કરી શકે છે.

- વર્ષ 2024માં આરબીઆઈએ કર ચુકવણી માટે યુપીઆઈ ટ્રાન્ઝેક્શન મર્યાદા રૂપિયા 1 લાખથી વધારીને પ્રતિ લેવડદેવડ રૂપિયા 5 લાખ કરી દીધી છે.

- યુપીઆઈ 123પે માટે પ્રતિ લેવડદેવડની મર્યાદા વધારીને રૂપિયા 10,000 કરવામાં આવી છે.

- યુપીઆઈ લાઈટ વૉલેટ મર્યાદા વધારીને રૂપિયા 5,000 કરવામાં આવી છે, જ્યારે પ્રતિ લેવડદેવડની મર્યાદા વધારીને રૂપિયા 1,000 કરવામાં આવી છે.

- વર્ષ 2025માં યુપીઆઈ માટે ઑન-ડિવાઈસ ઓથેન્ટિકેશન શરૂ કરવામાં આવ્યું, જેનાથી સ્માર્ટફોનના ફિંગરપ્રિન્ટ અથવા ફેસ અનલૉક મારફતે ચુકવણી કરવી શક્ય બની.






(નોંધઃ યુપીઆઈનું વાર્ષિક લેવડદેવડ મૂલ્ય લાખ કરોડ રૂપિયામાં)

સરળ યુઝર ઈન્ટરફેસ, ત્વરિત ચુકવણીની સુવિધા, શૂન્ય પ્રત્યક્ષ ખર્ચ અને વ્યાપક ડિજિટલ કનેક્ટિવિટીએ દેશના છેવાડાના વિસ્તારો સુધી નાણાકીય સમાવેશને ઝડપથી પહોંચાડ્યો છે. શાકભાજીની લારીથી લઈને મોટા શોપિંગ મૉલ સુધી ક્યૂઆર કોડની ઉપસ્થિતિએ રોકડ પરની નિર્ભરતા અત્યંત ઘટાડી દીધી છે. યુપીઆઈની આ તીવ્ર વૃદ્ધિ માત્ર ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મજબૂતીનું પ્રમાણ જ નથી, પરંતુ વૈશ્વિક સ્તરે પણ ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે ભારતને એક અગ્રણી રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરે છે. ▪

# ચાર મલ્ટીટ્રેકિંગ

## એક હાઈવે પરિયોજનાને મંજૂરી

***રાષ્ટ્રના વિકાસ માટે જ્યાં નવી રેલવે લાઈનો પાથરવામાં આવી રહી છે, ત્યારે સરહદી વિસ્તારોમાં અવરજવરને સરળ બનાવવા માટે કેન્દ્ર સરકાર સતત કાર્યરત છે. આ જ શ્રેણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં 19 ઑગસ્ટે મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પશ્ચિમ બંગાળ, ઓડિશા, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશના આઠ જિલ્લાઓને આવરી લેતી ચાર મલ્ટીટ્રેકિંગ રેલવે યોજનાઓ તથા બિહારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-22ના મુઝફ્ફરપુર-સીતામઢી-સોનબરસા સેક્શનને ફોર લેનમાં અપગ્રેડ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી...***



***"બિહારના સર્વાંગી વિકાસના અમારા પ્રયાસોમાં કનેક્ટિવિટીનો ઝડપી વિસ્તાર ખૂબ જ જરૂરી છે. આ જ દિશામાં અમારી સરકારે NH-22ના મુઝફ્ફરપુર-સીતામઢી-સોનબરસા સેક્શન પર 4-લેનનાં નિર્માણને મંજૂરી આપી છે. સમગ્ર રાજ્ય માટે લાઈફલાઈન સાબિત થનારી આ પરિયોજનાથી પ્રગતિનો એક નવો અધ્યાય શરૂ થવાનો છે. આનાથી જ્યાં મુસાફરીમાં લાગતો સમય બચશે, ત્યાં જ આર્થિક પ્રવૃત્તિઓ અને પ્રવાસનને પણ પ્રોત્સાહન મળશે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

**નિર્ણય: બિહારમાં NH-22ના મુઝફ્ફરપુર-સીતામઢી-સોનબરસા સેક્શનને ફોર-લેનમાં અપગ્રેડ કરવાની મંજૂરી.**

**અસર:**

- આ પરિયોજનાનો વિકાસ હાઈબ્રિડ એન્યુઈટી મોડ હેઠળ કરવામાં આવશે અને તેનો કુલ ખર્ચ રૂપિયા 3,590.73 કરોડ થશે.
- આ પ્રોજેક્ટથી મુઝફ્ફરપુર, મુકસૂદપુર, રુન્ની સૈદપુર, થુમ્મા, દુમરા, ભુતહી અને સોનબરસા જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ટ્રાફિકની ભીડ ઘટાડવામાં મદદ મળશે.
- આ પ્રોજેક્ટથી મુસાફરો અને માલસામાનની ઝડપી તેમજ સુરક્ષિત હેરફેર, મુસાફરી કાર્યક્ષમતામાં સુધારો અને પ્રાદેશિક કનેક્ટિવિટીને મજબૂત કરવામાં મદદ મળશે.
- વધુ સારી કનેક્ટિવિટીથી બૌદ્ધ સર્કિટ અને સીતામઢી સ્થિત ઐતિહાસિક જાનકી પુનૌરા ધામ મંદિર જેવાં મહત્વપૂર્ણ સાંસ્કૃતિક અને ધાર્મિક સ્થળો સુધી પહોંચ વધુ સરળ બનશે.

**નિર્ણય: પશ્ચિમ બંગાળ, ઓડિશા, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશના આઠ જિલ્લાઓને આવરી લેતી રેલવેની ચાર મલ્ટીટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી.**

**અસર:** વધેલી લાઈન ક્ષમતાથી અવરજવરમાં નોંધપાત્ર સુધારો થશે, જેના પરિણામે ભારતીય રેલવેની સંચાલન કાર્યક્ષમતા અને સેવાની વિશ્વસનીયતામાં વધારો થશે. આ મલ્ટી-ટ્રેકિંગ પરિયોજનાઓથી સંચાલન વ્યવસ્થિત બનવાની અને ભીડમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

- આ મલ્ટી-ટ્રેકિંગ પરિયોજનાઓથી ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં આશરે 410 કિલોમીટરનો વધારો થશે. આનાથી લગભગ 60 લાખની વસ્તી ધરાવતાં આશરે 6,448 ગામડાંઓની કનેક્ટિવિટીમાં સુધારો થશે.
- પરિયોજનાઓનો કુલ અંદાજિત ખર્ચ રૂપિયા 9,450 કરોડ છે, જેને 2030-31 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

**આ પરિયોજનાઓમાં સામેલ છે:**

1. ખડગપુર - ભદ્રક (રાનીતાલ) ચોથી લાઈન - 173 કિમી (પશ્ચિમ બંગાળ અને ઓડિશા)
2. ભદ્રક - હરિદાસપુર ચોથી લાઈન - 75 કિમી (ઓડિશા)
3. ગુમ્મિડિપુંડી - ગુડુર ત્રીજી અને ચોથી લાઈન - 90 કિમી (આંધ્ર પ્રદેશ અને તમિલનાડુ)
4. ડી. કટક - પારાદીપ (બડાબંધા) ત્રીજી અને ચોથી લાઈન - 72 કિમી (ઓડિશા) ■

કૅબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રીફિંગ જોવા માટે ક્યૂઆર કોડ સ્કેન કરો.



## સ્વાસ્થ્ય સુરક્ષાની ઐતિહાસિક ક્રાંતિ

# 'આયુષ્માન ભારત'

## સ્વસ્થ-સશક્ત બનતું નવું ભારત

*'આયુષ્માન ભારત યોજના' આજે દેશના કરોડો પરિવારો માટે જીવનદાયિની સાબિત થઈ રહી છે. 23 સપ્ટેમ્બર 2018થી શરૂ થયેલી આ યોજના હેઠળ દેશના 60 કરોડથી વધુ નાગરિકોને દર વર્ષે રૂપિયા 5 લાખ સુધીની કેશલેસ સારવારની ગૅરંટી મળી રહી છે. અત્યાર સુધીમાં 47 કરોડથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે અને 11 કરોડથી વધુ દર્દીઓને મફત સારવાર આપીને લાભાર્થી પરિવારોને આર્થિક સંકટમાંથી ઉગારવામાં આવ્યા છે. દરેક નાગરિક સુધી શ્રેષ્ઠ સારવાર પહોંચાડીને આ યોજના 'સ્વસ્થ અને સમૃદ્ધ ભારત'નું સ્વપ્ન સાકાર કરી રહી છે...*



*આ એક એવી પહેલ હતી જેણે ભવિષ્યની જરૂરિયાતોનું આકલન કર્યું અને લોકો માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત તેમજ પરવડે તેવી આરોગ્ય સેવા સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેના કારણે ભારત જાહેર આરોગ્ય સેવામાં ક્રાંતિનો સાક્ષી બની રહ્યું છે. આ યોજનાએ લાભાર્થીઓ માટે નાણાકીય સુરક્ષા અને સન્માન સુનિશ્ચિત કર્યું છે.*

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

એક એવો પણ સમય હતો જ્યારે બીમારી માત્ર શરીરને જ નહીં, સમગ્ર પરિવારની આર્થિક કરોડરજ્જુ તોડી નાખતી હતી. હૉસ્પિટલના ઉંબરે ઊભેલા ગરીબને સારવાર માટે પોતાની જમીન અને ઘરેણાં ગીરવે મૂકવા પડતા હતા. પરંતુ વીતેલાં વર્ષોમાં ભારતે આરોગ્ય ક્ષેત્રે એક નવા યુગની શરૂઆત કરી છે. 'આયુષ્માન ભારત' યોજના માત્ર એક સરકારી કાર્યક્રમ નથી, પરંતુ દેશના કરોડો નિર્ધન અને વંચિત પરિવારો માટે ગુણવત્તાયુક્ત આરોગ્યની ગૅરંટી






**આયુષ્માન કાર્ડ જારી**

**કુલ: 47.26+ કરોડ**

- પુરુષ: 23.91+ કરોડ
- મહિલા: 23.35+ કરોડ
- અન્ય: 3.55+ લાખ

**હૉસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓની સંખ્યા...**

**કુલ 11.35+ કરોડ**

- पुरुष: 5.46+ કરોડ
- महिला: 5.28+ કરોડ
- अन्य: 23.68 હજાર



## નોંધાયેલ હૉસ્પિટલો




**કુલ: 38,665**

- 20,382 સરકારી
- 18,283 ખાનગી

### એબી-પીએમજેએવાય સાથે જોડાયેલા મહત્વપૂર્ણ તથ્યો...

- આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની શરૂઆત 23 સપ્ટેમ્બર 2018ના રોજ ઝારખંડથી થઈ હતી.
- આ યોજનાએ સ્વાસ્થ્ય વીમા પર સરકારી ખર્ચ વધારીને પરિવારોના આરોગ્ય સંભાળ ખર્ચને ઘટાડવામાં મદદ કરી છે. પરિવારોને 2024-2025માં રૂપિયા 1.25 લાખ કરોડથી વધુની બચત થઈ છે.
- એબી-પીએમજેએવાય માટે બજેટ અંદાજ 2026-27માં વધારીને રૂપિયા 9,500 કરોડ કરવામાં આવ્યો છે, જે નાણાકીય વર્ષ 2025-26ની સરખામણીએ રૂપિયા 500 કરોડ વધુ છે.
- આ યોજના હેઠળ દ્વિતિય અને તૃતીય સ્તરની હૉસ્પિટલમાં દાખલ થઈ સારવાર મેળવવા માટે પ્રતિ પરિવાર વાર્ષિક રૂપિયા 5 લાખ સુધીનું સ્વાસ્થ્ય વીમા કવરેજ પૂરું પાડવામાં આવે છે.
- માર્ચ 2024માં આ યોજનાનો વિસ્તાર કરીને માન્યતા પ્રાપ્ત સામાજિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ (આશા), આંગણવાડી કાર્યકર્તાઓ અને આંગણવાડી સહાયિકાઓના આશરે 37 લાખ પરિવારોને તેમાં સામેલ કરવામાં આવ્યા.
- ઓક્ટોબર 2024માં આ યોજનાનો વધુ વિસ્તાર કરતાં 70 વર્ષ કે તેથી વધુ ઉંમરના 6 કરોડ વરિષ્ઠ નાગરિકોને, જેઓ 4.5 કરોડ પરિવારો સાથે સંબંધિત છે, તેમની સામાજિક-આર્થિક સ્થિતિની પરવા કર્યા વિના આ યોજનાના દાયરામાં આવરી લેવામાં આવ્યા.
- નેશનલ હેલ્થ એકાઉન્ટ્સના અંદાજ 2022-23 મુજબ, કુલ સ્વાસ્થ્ય ખર્ચમાં લોકો દ્વારા પોતાના ખિસ્સામાંથી થતા ખર્ચનું પ્રમાણ 2014-15ના 62.6%થી ઘટીને 2022-23માં 43.4% થઈ ગયું છે.

બની છે. ગંભીર બીમારીઓની સારવારથી માંડીને આધુનિક સર્જરી સુધી, રૂપિયા 5 લાખ સુધીના મફત ઉપચારે સામાન્ય નાગરિકને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર આપ્યો છે. દેશભરની હજારો ખાનગી અને સરકારી સંલગ્ન હૉસ્પિટલોમાં ટેકનોલોજી અને પારદર્શિતાના સમન્વયથી આજે ગામડાં અને કસબાઓના લોકો પણ મોટી ખાનગી અને સરકારી હૉસ્પિટલોમાં એક પણ રૂપિયો ખર્ચ્યા વિના ઉચ્ચ સ્તરીય સારવાર મેળવી રહ્યા છે. 70 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને પણ આ સુરક્ષા કવચમાં જોડીને યોજનાએ સંવેદનશીલતાનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે. 'આયુષ્માન ભારત'એ સાબિત કરી દીધું છે કે જ્યારે નીતિમાં જનકલ્યાણ અને નિયતમાં નિષ્ઠા હોય, ત્યારે પ્રત્યેક નાગરિક સુધી આરોગ્ય સેવાનો અધિકાર સુનિશ્ચિત કરી શકાય છે. ■

# પોષિત ભારત સ્વસ્થ ભારત



સશક્ત અને આત્મનિર્ભર રાષ્ટ્રનો પાયો સુપોષિત અને સ્વસ્થ નાગરિકો પર ટકેલો છે. આ જ સંકલ્પ સાથે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવે છે. જન-આંદોલનના સ્વરૂપમાં ઉજવાતા 9મા રાષ્ટ્રીય પોષણ માસની થીમ "હમારી આંગણવાડી, હમારી જિમ્મેદારી" રાખવામાં આવી છે. આ રાષ્ટ્રીય અભિયાન માત્ર પોષણ વિતરણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ માતાઓનાં સશક્તીકરણને સામુદાયિક માલિકીભાવ સાથે જોડીને એક સ્વસ્થ અને સમર્થ ભારતનાં નિર્માણનો માર્ગ મોકળો કરી રહ્યું છે...

ભારતમાં કુપોષણ નાબૂદી અને સમગ્ર સ્વાસ્થ્ય સંવર્ધનની દિશામાં પોષણ અભિયાન એક જન-આંદોલન સાબિત થયું છે. માર્ચ 2018માં શરૂ થયેલા આ અભિયાન અંતર્ગત આ વર્ષે 9મા રાષ્ટ્રીય પોષણ માસ 2026નો પ્રારંભ 9 સપ્ટેમ્બર 2026ના રોજ વારાણસીના રુદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર ખાતેથી કરવામાં આવ્યો હતો, જે આગામી એક મહિના સુધી ચાલશે.

આહારમાં માત્ર કેલરી પૂરતી નથી, પરંતુ પ્રોટીન, માઈક્રોન્યુટ્રિઅન્ટ્સ અને ખાદ્ય વિવિધતા સુનિશ્ચિત કરવી અનિવાર્ય છે. મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 હેઠળ જારી કરાયેલ સુધારેલી માર્ગદર્શિકા દ્વારા આંગણવાડી કેન્દ્રોને વધુ પારદર્શક, જવાબદાર અને સામુદાયિક સહભાગિતાથી સજ્જ બનાવવામાં આવ્યા છે. જેમાં ગરમ રાંધેલા ભોજનનાં ધોરણો નક્કી કરવામાં આવ્યાં છે. આંગણવાડી સ્તરે પારદર્શિતા લાવવા માટે 'એસએનપી મેન્યૂ બોર્ડ' ફરજિયાત કરવામાં આવ્યું છે.



# પોષણ માસ 2026

## 5 મુખ્ય પ્રાથમિકતાઓ

### 1. આહાર વિવિધતા અને પૂરતું પ્રોટીન

વિવિધ વાનગીઓનું પ્રદર્શનઃ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ અનાજ, મિલેટ્સ, કઠોળ, મોસમી ફળો, શાકભાજી, તેલીબિયાં, દૂધ અને ઈંડાંના ઉપયોગથી પૌષ્ટિક વાનગીઓ બનાવવાનું પ્રદર્શન.

પોષણ મેળો અને સ્પર્ધાઓઃ પોષક તત્વો પ્રત્યે જાગૃતિ કેળવવા માટે 'પોષણ મેળાઓ' અને 'પ્રોટીન-રિચ પ્લેટ' જેવી સ્પર્ધાઓનું આયોજન.

પોષણ વાટિકાઃ આંગણવાડી તથા ઘરોમાં તૈયાર કરાયેલી પોષણ વાટિકાઓની તાજી ઊપજને પૂરક આહારમાં સામેલ કરવા માટે લોકજાગૃતિ.

### 2. આંગણવાડીમાં તાજું ગરમ રાંધેલું ભોજન

સાપ્તાહિક મેન્યૂ ચક્રઃ સ્થાનિક ખાદ્ય સામગ્રી, બાજરી/મિલેટ્સ અને મોસમી શાકભાજીનો સમાવેશ કરીને સાપ્તાહિક મેન્યૂ રોટેશનનું અસરકારક અમલીકરણ.

ગરમ રાંધેલા ભોજનનો સ્વાદ ચાખવા અને ચકાસણી માટેના સામુદાયિક સત્રોઃ એસઓપી ધોરણો મુજબ સ્વચ્છતા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા હેતુ પંચાયતી રાજના પ્રતિનિધિઓ, સ્વસહાય જૂથો અને વાલીઓ સાથે સામુદાયિક ટેસ્ટિંગ સત્રોનું આયોજન.

### 3. સામુદાયિક માલિકીભાવ અને જવાબદારી

આંગણવાડી સંચાલન સમિતિઓઃ 23 જૂન 2026ના રોજ જારી કરાયેલ માર્ગદર્શિકા હેઠળ રચાયેલી આંગણવાડી સમિતિઓને સક્રિય કરવી અને પોષણ માસ દરમિયાન ફરજિયાતપણે ઓછામાં ઓછી એક બેઠકનું આયોજન કરવું.

મેન્યૂ બોર્ડનું અનિવાર્ય પ્રદર્શનઃ તમામ કેન્દ્રો પર ટેક-હોમ રાશનના મેન્યૂ બોર્ડ લગાવવા, જેથી લાભાર્થીઓને પોતાના અધિકારોની સ્પષ્ટ માહિતી મળી રહે.

ભોજનની ગુણવત્તા પર સમુદાયની દેખરેખઃ માતાઓની સમિતિઓ અને આંગણવાડી કેન્દ્ર દ્વારા ભોજનની ગુણવત્તા, જથ્થો અને નિયમિતતા પર સીધી દેખરેખ રાખવી.

### 4. પોષણ અને પ્રારંભિક બાળપણ વિકાસ

સુધારેલ હોમ વિઝિટ શેડ્યૂલઃ 0થી 3 વર્ષનાં બાળકો માટે 34 વિકાસાત્મક માઈલસ્ટોન આધારિત સુધારેલા હોમ વિઝિટ શેડ્યૂલરનો અમલ કરવો.

પ્રારંભિક બાળપણ સંભાળઃ મગજના વિકાસ અને પૂર્વ-પ્રાથમિક શાળા તૈયારી માટે પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ અભ્યાસક્રમોને પ્રોત્સાહન આપવું.

સમયસર સ્ક્રીનિંગ અને રેફરલઃ ગ્રામીણ સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને પોષણ દિવસ પર રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમનાં માધ્યમથી બાળકોનું સમયસર સ્ક્રીનિંગ અને રેફરલ કરવું.

### 5. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનાં 10 સફળ વર્ષ

સોએ સો ટકા કવરેજઃ તમામ પાત્ર સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓની નોંધણી, પેન્ડિંગ પ્રક્રિયાના નિકાલ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના ઝડપી નિકાલ માટે વિશેષ અભિયાન.

જાગૃતિ અને ટૂલકિટઃ યોજનાની પાત્રતા તેમજ હપ્તાઓ અંગે પ્રચાર-પ્રસાર અને પ્રાદેશિક ભાષાઓમાં 'PMMVY ટૂલકિટ'નું વિમોચન.

રાષ્ટ્રીય પોષણ માસ 2026 માત્ર એક સરકારી કાર્યક્રમ ન બની રહેતાં જનભાગીદારીનો એક ઉત્સવ છે, જ્યાં સમાજનો પ્રત્યેક વર્ગ આંગણવાડી સેવાઓની દેખરેખ અને સુપોષણનાં નિર્માણમાં પોતાની સીધી જવાબદારી નિભાવશે. જીવનના પ્રથમ 1,000 દિવસો દરમિયાન યોગ્ય પોષણ અને સંવેદનશીલ સંભાળ મગજના શ્રેષ્ઠ વિકાસ માટે અત્યંત આવશ્યક છે. ■

**વૈશ્વિક પડકારો વચ્ચે ભારતે જીત્યો આર્થિક મોરચો**

# ભારતનો વધતો આર્થિક આત્મવિશ્વાસ...

# 7.8%ની ઝડપે વધ્યું અર્થતંત્ર

***નાગરિકો માટે આર્થિક તકો વધારવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. અર્થતંત્રની ઝડપી ગતિ માટે અનેક સુધારાઓ કરવામાં આવ્યા છે. સુધારા અને કુશળ સંચાલનથી મળેલાં પરિણામોની જ ફળશ્રુતિ છે કે આજે ભારતીય અર્થવ્યવસ્થા વિશ્વમાં માત્ર સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા જ નથી, પરંતુ વૈશ્વિક પડકારો વચ્ચે પણ તેજ ગતિથી દોડી રહી છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં 7.8%ના દરે વિસ્તરેલું ભારતીય અર્થતંત્ર દેશવાસીઓના સામૂહિક સામર્થ્યને દર્શાવે છે...***

વૈશ્વિક પડકારો અને અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારતીય અર્થતંત્રની તેજી નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં પણ ચાલુ રહી છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અહેવાલ મુજબ, એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં અર્થતંત્ર 7.8%ના દરે વધ્યું છે. આ વૃદ્ધિ ભારતીય રિઝર્વ બેંકના અંદાજ કરતાં પણ વધુ રહી છે. આ ત્રિમાસિક ગાળા માટે રિઝર્વ બેંકે 7%નો વિકાસ દર રહેવાનું અનુમાન લગાવ્યું હતું. જો કે, 31 ઑગસ્ટે જ્યારે આંકડા જાહેર થયા ત્યારે તેજી અપેક્ષા કરતાં વધુ જોવા મળી. એક વર્ષ અગાઉ આ જ સમયગાળામાં ભારતનો વિકાસ દર 6.9% રહ્યો હતો.

### ભારત ફરી એકવાર ખીલી ઉઠ્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં 7.8 ટકાનો વૃદ્ધિ દર હાંસલ કરવા બદલ દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એક વીડિયો સંદેશમાં જીડીપીના મજબૂત આર્થિક આંકડાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આ આંકડા દેશના વધતા આર્થિક આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. નાણાકીય વર્ષ



## નાગરિકો માટે આર્થિક તકો વધારવા પ્રતિબદ્ધ

નાણામંત્રી નિર્મલા સીતારમણે આ સફળતા પર જણાવ્યું કે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક જીડીપીમાં 7.8% વૃદ્ધિનો અંદાજ છે.

**10.3%** ની વૃદ્ધિનું અનુમાન છે આ જ સમયગાળામાં નોમિનલ જીડીપીમાં.

**8.2%** ની વૃદ્ધિ વાસ્તવિક જીવીએમાં નોંધાઈ છે.

તેમણે ઉમેર્યું કે આ શાનદાર પ્રદર્શનનો શ્રેય ભારતના લોકો અને તેમની સખત મહેનતને જાય છે. સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ અને અર્થતંત્રનું કુશળ વ્યવસ્થાપન શ્રેષ્ઠ પરિણામો આપી રહ્યાં છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકાર આપણા તમામ નાગરિકો માટે આર્થિક તકો વધારવા પ્રતિબદ્ધ છે.





***7.8%ની વૃદ્ધિ. મજબૂત આંકડા. અને વધુ આત્મવિશ્વાસ.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

## સતત મજબૂત થઈ રહ્યું છે ભારતીય અર્થતંત્ર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારનાં નેતૃત્વમાં ભારતીય અર્થતંત્ર વૈશ્વિક પડકારો છતાં સતત મજબૂત થઈ રહ્યું છે. ફરી એકવાર ભારતીય અર્થતંત્રે વૈશ્વિક અનિશ્ચિતતાઓને પાછળ છોડીને નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 7.8% જીડીપી વૃદ્ધિ દર હાંસલ કર્યો છે. આ પીએમ મોદીનાં દૂરંદેશી નેતૃત્વનું પ્રમાણ છે, જેમણે આપણા દેશને એવી મજબૂતી આપી છે કે વૈશ્વિક સ્તરે ગમે તેવી મોટી મુશ્કેલી આવે તો પણ આપણે સફળ થઈને ઊભરીએ છીએ. આ શાનદાર સિદ્ધિ બદલ હું તમામ નાગરિકોને હાર્દિક અભિનંદન પાઠવું છું.

2026-27ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતની 7.8 ટકાની શાનદાર જીડીપી વૃદ્ધિ એક મોટી ઉપલબ્ધિ છે. લોકોની સામૂહિક શક્તિએ એ સુનિશ્ચિત કર્યું છે કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ક્રૂડ ઓઈલના ભાવમાં વધ-ઘટ અને સપ્લાય ચેનની અડચણો છતાં ભારત ઝડપથી વિકાસ કરતું રહે. તેમણે વધુમાં ઉમેર્યું કે નિરાશાવાદી લોકોનો પરાજય થયો છે અને ભારત ફરી એકવાર ખીલી ઉઠ્યું છે. ■

અંતરિક્ષ સ્ટાર્ટઅપના મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથે પીએમનો સંવાદ

# અંતરિક્ષમાં ભારતની યુવા શક્તિ

**'સેવા તીર્થ' ખાતે 21 ઑગસ્ટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 20 સ્પેસ સ્ટાર્ટઅપ વડાઓ સાથે મુલાકાત કરીને તેમના નવા પ્રયોગોની પ્રશંસા કરી. આ સાથે જ, તેમણે બાળકોમાં સ્પેસ સાયન્સ પ્રત્યે રુચિ વધારવા માટે સ્ટાર્ટઅપ્સને 'અટલ ટિંકરિંગ લેબ' સાથે જોડાવા આગ્રહ કર્યો...**

દેશમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે અંતરિક્ષ ક્ષેત્રને ખાનગી ભાગીદારી માટે ખુલ્લું મૂક્યું છે. સરકારના આ નિર્ણયથી ઉદ્યોગ જગતમાં ભારે ઉત્સાહ છે, કારણ કે આનાથી નવીનતાની સાથે રોજગારીની નવી તકો પણ ઊભી થઈ રહી છે. સ્પેસ સ્ટાર્ટઅપ્સના સીઈઓ અને સ્થાપકો સાથેની વાતચીતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારતના વિસ્તરતા પ્રાઈવેટ સ્પેસ સેક્ટરની નવી ટેકનોલોજી અને તેનાથી મળતા ફાયદાઓને અપનાવવામાં ઘણી કંપનીઓએ ઊંડો રસ દાખવ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે ઉદ્યોગો દ્વારા દર્શાવવામાં આવેલા આ વિશ્વાસે તે વિકાસલક્ષી દ્રષ્ટિકોણને વધુ મજબૂત બનાવ્યો છે, જેના અંતર્ગત સ્પેસ સેક્ટરને ખાનગી ભાગીદારી માટે ખોલવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ સ્પેસ કંપનીઓને પોતાની ટેકનોલોજીના નવા ઉપયોગો શોધવા અને લોકોનું જીવન વધુ સરળ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. તેમણે અપીલ કરી હતી કે બાળકો અને યુવાનોમાં અંતરિક્ષ પ્રત્યે જિજ્ઞાસા વધારવા માટે આ કંપનીઓ 'અટલ ટિંકરિંગ લેબ્સ' સાથે મળીને કામ કરે.





"ખર્ચની બાબતમાં આપણે અત્યંત સ્પર્ધાત્મક છીએ, પ્રતિભા બાબતે તો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને જોખમ ઉઠાવવાની ક્ષમતા આપણા દેશના લોકોની આમ પણ વધારે છે. તેના કારણે આપણે ખૂબ જ ઝડપથી આપણું સ્થાન બનાવી શકીએ છીએ.

*- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી*

## આ સ્ટાર્ટઅપ્સના સ્થાપકો અને સીઈઓ સંવાદમાં જોડાયા

સંવાદ કાર્યક્રમમાં સ્કાયરૂટ એરોસ્પેસ, અગ્નિકુલ કોસ્મોસ, પિક્સલ, ધ્રુવ સ્પેસ, ગેલેક્સીઆઈ, પિયરસાઈટ, બેલાટ્રિક્સ એરોસ્પેસ, દિગંતારા, સેટશ્યોર, સુહોરા ટેકનોલોજીઝ, મનસ્તુ સ્પેસ, એસ્ટ્રોબેસ, ટેકમી2સ્પેસ, વ્યોમઆઈસી, કોસ્મોસર્વ સ્પેસ, ઓર્બિટ એડ એરોસ્પેસ, સ્કાયસર્વ (હાઈસ્પેસ), સેરેન્ડિપિટી સ્પેસ, વાસર લેબ્સ અને મિસ્ટઈઓ સામેલ થયા હતા.

### વિશ્વાસ ઊભો કરવાનો હતો પ્રયાસ

સંવાદ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે તમે એક નવા ક્ષેત્રમાં સાહસ દાખવ્યું છે, સૌથી મોટી વાત એ છે કે તમે સરકારની વાત પર વિશ્વાસ મૂક્યો. મારો એક મત રહ્યો છે કે જે પણ નિર્ણય લઈએ, તેમાં સાતત્ય જાળવી રાખીએ; વારંવાર તેમાં ફેરફાર ન કરીએ, જેથી કોઈપણ જોખમ લેવા માગતું હોય તો તેને ભરોસો રહે કે– ભાઈ ઠીક છે, મારી ભૂલના કારણે કંઈ ગડબડ થશે તો વાંધો નહીં, પરંતુ કોઈ મારો સાથ નહીં છોડી દે. આ જ વિશ્વાસ ઊભો કરવાનો અમારો પ્રયાસ હતો.

### વિદેશ ગયેલા લોકો પરત ફરી રહ્યા છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું કહેવું છે કે અંતરિક્ષ સ્ટાર્ટઅપની દુનિયા સાથે ઘણા લોકોને જોડવાના છે અને હવે વિદેશ ગયેલા લોકો પરત આવી રહ્યા છે. હું માનું છું કે આપણે એવું વાતાવરણ તૈયાર કરવું જોઈએ કે જેથી આ ક્ષેત્રમાં વિશ્વભરના લોકોને લાગે કે જો લાઈફ બનાવવી હોય તો હિન્દુસ્તાન જાઓ, ભારતના કોઈ સ્ટાર્ટઅપ સાથે જોડાઈ જાઓ. હું દ્રઢપણે માનું છું કે આખેઆખો ટેલેન્ટ પૂલ તમારા કારણે એક ચુંબકની જેમ ખેંચાઈને આવી શકે છે, જે એક ખૂબ મોટી તાકાત બની શકે છે. ■




પીએમ મોદીનો સમગ્ર કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો

'ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ 2026'

# રિફોર્મ્સ... મજબૂરી નહીં

## પ્રતિબદ્ધતા અને દ્રઢ વિશ્વાસ

*મેન્યુફેક્ચરિંગ, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ, ટેકનોલોજી અને ઈનોવેશન, ગતિશક્તિ, રક્ષા શક્તિ, ગ્રીન તેમજ બ્લૂ ઈકોનોમી અને સોફ્ટ પાવર- આ એવા સાત ક્ષેત્રો છે જેના પર આજે ભારતનું સૌથી વધુ ધ્યાન કેન્દ્રિત છે. આ જ કારણ છે કે આપણું ભવિષ્ય સુરક્ષિત બને તે માટે ભારત પોલિસી સ્તરે નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ કરી રહ્યું છે. 21 ઑગસ્ટના રોજ 'ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ 2026'ને સંબોધિત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આ રિફોર્મ્સ આપણા માટે કોઈ મજબૂરી કે લાચારી નથી, પરંતુ આપણી પ્રતિબદ્ધતા અને દ્રઢ વિશ્વાસ છે...*

દરેક રિફોર્મની શરૂઆત સૌપ્રથમ વિચારવાની પદ્ધતિથી જ થાય છે. જ્યાં પહેલાં ઉત્પાદન વધારવા પર સજા મળતી હતી, ત્યાં આજે કેન્દ્ર સરકાર ઉત્પાદન વધારવા પર પ્રોત્સાહન આપી રહી છે. આજે પીએલઆઈ એટલે કે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમની સફળતા આખું વિશ્વ જોઈ રહ્યું છે. 'ઈકોનોમિક ટાઈમ્સ વર્લ્ડ લીડર્સ ફોરમ 2026' કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ફક્ત આ એક યોજનાના કારણે આશરે અઢી લાખ કરોડ રૂપિયાનું વાસ્તવિક રોકાણ થયું છે. 22 લાખ કરોડ રૂપિયાથી વધુનું ઉત્પાદન અને વેચાણ થયું છે. 15 લાખ કરોડ રૂપિયાથી વધુની નિકાસ થઈ છે અને 14 લાખથી વધુ પ્રત્યક્ષ તેમજ અપ્રત્યક્ષ નોકરીઓ ઊભી થઈ છે. અગાઉ લાયસન્સ રાજમાં સજા આપતું મૉડલ જ્યાં બેરોજગારી વધારતું હતું, ત્યાં આજનું પ્રોત્સાહક મૉડલ લાખો નવી રોજગારીઓનું સર્જન કરી રહ્યું છે.

આજે દેશમાં ઝડપી વિકાસ અને સુધારાઓ એટલા માટે થઈ રહ્યા છે, કારણ કે ભારતમાં રાજકીય સ્થિરતા છે. દેશની નીતિઓમાં નિરંતરતા છે. અગાઉ દેશમાં રિફોર્મ્સની જાહેરાતો તો થતી હતી પણ પાછળથી તેને ભૂલી જવાતી હતી. પીએમ મોદીએ જણાવ્યું કે અમે સુધારાઓને લઈને એક સ્પષ્ટ રોડમેપ તૈયાર કર્યો છે. આ રોડમેપની મુખ્ય દિશા રહી છે– ગવર્નન્સ સ્તરે સુધારા થાય! આ માટે, આજના 21મી સદીના ભારતમાં માત્ર નિયમનો જ નથી બદલી રહ્યા, પરંતુ નિયમનોની આખી ફિલોસોફી બદલી રહ્યા છીએ. પહેલાં નિયમનનો અભિગમ હતો– "જ્યાં સુધી મંજૂરી ન મળે, ત્યાં સુધી પ્રતિબંધિત." એટલે કે જ્યાં સુધી સરકાર પરવાનગી ન આપે, ત્યાં સુધી તમે તે કામ કરી શકતા નથી. અમે આ અભિગમને બદલીને "જ્યાં સુધી મનાઈ ન હોય, ત્યાં સુધી અનુમતિ છે" તરફ લઈ જઈ રહ્યા છીએ. અર્થાત્, જે કાર્ય કાયદા દ્વારા સ્પષ્ટપણે પ્રતિબંધિત નથી, તેના માટે ડગલે ને પગલે પરવાનગી લેવાની જરૂર ન હોવી જોઈએ. આ પાછળનો વિચાર સાવ સીધો છેઃ સરકાર અને નાગરિક વચ્ચેના સંબંધનો આધાર શંકા નહીં, પણ વિશ્વાસ હોવો જોઈએ.

***આગામી સમયમાં ઈઝ ઑફ લિવિંગ અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસનો વધુ વિસ્તાર થશે. દેશના યુવા, નારી શક્તિ, ખેડૂત, ગરીબ અને મધ્યમ વર્ગ માટે અમારી સરકાર સતત કામ કરતી રહેશે. અમારી રિફોર્મ એક્સપ્રેસ હજુ વધુ ઝડપથી આગળ વધવાની છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

### સમય સાથે બદલાતી ભારતની ઓળખ

દિલ્હી-મેરઠ નમો ભારત રેપિડ રેલ કોરિડોર પર 160 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ટ્રેનો દોડી રહી છે. અત્યાર સુધીમાં 4 કરોડથી વધુ મુસાફરો તેમાં મુસાફરી કરી ચૂક્યા છે. સાથે જ તેની સમયપાલનતા 99.9% છે. સમય બદલાયો છે. આવી જ રીતે, દિલ્હી મેટ્રોની સમયપાલનતા પણ 99.9% છે. આ સમયપાલનતા ન્યૂયોર્ક, હોંગકોંગ અને પેરિસ જેવા શહેરોની મેટ્રોની લગભગ બરાબર થઈ ચૂકી છે.

### સંરક્ષણ નિકાસ વધી રહી છે

ભારતમાં ન્યુક્લિયર એનર્જીમાં ખાનગી ક્ષેત્ર માટે માર્ગ ખુલી ચૂક્યો છે. આ જ રીતે સંરક્ષણ ક્ષેત્રમાં પણ મોટો નીતિગત સુધારો કરવામાં આવ્યો છે. 200 વર્ષ પહેલાંથી ચાલી આવતી વ્યવસ્થા બદલવામાં આવી છે. 40થી વધુ ઑર્ડનન્સ ફેક્ટરીઓનું વિલિનીકરણ કરીને 7 નવી કંપનીઓ બનાવવામાં આવી. આજે ભારત પોતાની સંરક્ષણ જરૂરિયાતો માટે પણ આત્મનિર્ભર બની રહ્યું છે અને 2014ની સરખામણીમાં સંરક્ષણ નિકાસમાં 55 ગણો વધારો થયો છે.

### સરહદી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કાયાપલટ

આજે સરહદી વિસ્તારોમાં રસ્તાઓ, પુલો અને સુરંગોનું નેટવર્ક ઝડપથી વિસ્તરી રહ્યું છે. માત્ર 2024 અને 2025માં જ બીઆરઓના 250 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા છે. વિચાર બદલાયો, તો સરહદી માળખાકીય સુવિધાઓનું ચિત્ર પણ બદલાઈ ગયું છે.

### કરોડો મુસાફરોને બહેતર અનુભવ આપવાનું અભિયાન

2014 પહેલાં ટ્રેનોમાં આશરે 12 હજાર બાયો-ટોયલેટ્સ લગાવવામાં આવ્યા હતા, જ્યારે 2014 પછી ટ્રેનોમાં 3 લાખ 60 હજારથી વધુ બાયો-ટોયલેટ્સ લગાવવામાં આવ્યા છે. અર્થાત્, 97%થી વધુ બાયો-ટોયલેટ્સ છેલ્લાં 12 વર્ષમાં લાગ્યા છે. આ પરિવર્તન માત્ર સફાઈનું જ નથી, પરંતુ મુસાફરોની ગરિમા, સ્વચ્છતા અને આધુનિક ભારતના નિર્માણની દિશામાં ગવર્નન્સનું એક નવું મૉડલ છે. તે કરોડો મુસાફરોને શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડવાનું એક અભિયાન પણ છે. ■



## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'ખેલો ઈન્ડિયા ડાયલોગ'માં યુવાનોને સંબોધિત કર્યા

# રમતગમત : યુવા શક્તિને સાથે જોડવાનું અભિયાન

*ભારતમાં જ્યારે રમતગમતની વાત થાય છે ત્યારે તે માત્ર મેડલ જીતવા પૂરતી સીમિત નથી હોતી, પરંતુ તે વિકસિત ભારતનાં નિર્માણમાં ભારતની ખેલ શક્તિ અને યુવા શક્તિને જોડવાનું એક અભિયાન બની જાય છે. રમત માત્ર મેદાન પર જીતવાનું નથી શીખવતી, તે આપણને જીવનમાં આગળ વધવાની હિંમત અને જુસ્સો પણ આપે છે. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર દેશમાં રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની દિશામાં વ્યાપક સ્તરે કાર્ય કરી રહી છે. આ જ શ્રૃંખલા અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 27 ઑગસ્ટના રોજ 'ખેલો ઈન્ડિયા ડાયલોગ'માં યુવાનોને સંબોધિત કર્યા હતા...*

એક સ્વસ્થ સમાજ, સારી પારિવારિક વ્યવસ્થા અને વધુ સારી કાર્યસંસ્કૃતિ માટે સ્પોર્ટ્સ પર્સન સ્પિરિટ અત્યંત જરૂરી હોય છે. આ સ્પિરિટ રમતના મેદાનમાં ગયા વિના શીખવી ખૂબ જ મુશ્કેલ હોય છે. રમત આપણને માત્ર ચૅમ્પિયન બનતા જ નથી શીખવતી, પરંતુ એક શ્રેષ્ઠ પ્રતિસ્પર્ધી બનતા પણ શીખવે છે. ઊભા થવું, પડવું... પડીને ફરી પાછા ઊભા થવું... આ જુસ્સો આપણામાં જગાડે છે. 'ખેલો ઈન્ડિયા ડાયલોગ'માં યુવાનોને સંબોધિત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે મેં 15 ઑગસ્ટે લાલ કિલ્લા પરથી ભારતનું સ્પોર્ટ્સ વિઝન દેશ સમક્ષ મૂક્યું હતું. હું હંમેશાં કહેતો આવ્યો છું – 'જે ખેલે, તે ખીલે' અને રમતમાં ખીલવાનો અર્થ માત્ર મેદાન પર જીતવાનો જ નથી, રમતમાં ખીલવાનો મતલબ વ્યક્તિત્વનું ખીલવું, પરિવારનું ખીલવું અને દેશનું ગૌરવ

પીએમ મોદીનો સમગ્ર કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



> "સરકાર ભારતમાં 21મી સદીની આધુનિક સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આજે સ્પોર્ટ્સ યુનિવર્સિટીથી લઈને આધુનિક ટ્રેનિંગ સેન્ટર્સ સુધી દેશમાં એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે, જેમાં પ્રતિભાને ઓળખવાથી લઈને તેને વિશ્વના મંચ સુધી પહોંચાડવા માટે દરેક સ્તરે સહયોગ મળે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી







## નવા વિચારો જ વિકસિત ભારતની સિદ્ધિની તાકાત

ખેલો ઈન્ડિયા સંવાદ એ માત્ર રમતગમતની વાત કરવાનો કાર્યક્રમ નથી. આ એક એવા સંવાદનો મંચ છે જેનો પ્રત્યેક વિચાર દેશના સ્પોર્ટ્સ વિઝનને એક નવી દિશા આપી શકે છે. આ સાથે જે યુવા સંવાદ થયો, તે કાર્યક્રમના સહભાગીઓના વિચારો અને આકાંક્ષાઓને દેશનાં સપનાઓ સાથે જોડવાનું એક ઘણું મોટું માધ્યમ છે. આ કાર્યક્રમમાં સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ, ટેલેન્ટ ડેવલપમેન્ટ, ગવર્નન્સ અને વિકસિત ભારત અંગે યુવાનો શું વિચારે છે તેમજ તેમનાં કેવાં સૂચનો છે, તે બાબતોને સાંભળવામાં આવી રહી છે અને તેને નીતિગત પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે. પીએમ મોદીએ જણાવ્યું કે આથી હું આપ સૌને કહીશ કે શક્ય તેટલો વધુ આ મંચનો સાર્થક ઉપયોગ કરો અને નવા વિચારોને આવવા દો. યુવા શક્તિના આ નવા વિચારો જ વિકસિત ભારતની સિદ્ધિની તાકાત બનશે.

**5,000+**

**સ્થળો પર યુવાનોએ રમતગમતને લઈને પોતાના વિચારો અને સપનાઓ શેર કર્યા.**

**ખેલો ઈન્ડિયા ડાયલોગ અંતર્ગત 'યુવા સંવાદ'માં પાંચ મુખ્ય થીમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું- રમતગમત, ઑલિમ્પિક આકાંક્ષાઓ, યુવા નેતૃત્વ, વિકસિત ભારત અને નશામુક્ત યુવા.**

## દુનિયાનો બદલાતો દ્રષ્ટિકોણ




જ્યારે કોઈ ખેલાડી સફળ થાય છે, ત્યારે એ સફળતા માત્ર તેની પોતાની નથી હોતી; તેની સફળતાથી તેના પરિવારની ઓળખ બને છે, પ્રતિષ્ઠા વધે છે. જે શાળા અને કૉલેજમાં તે ભણ્યો હોય, તેની પ્રતિષ્ઠા વધે છે. તેના જિલ્લા અને રાજ્યની ઓળખ વધુ મજબૂત બને છે. એટલે કે દુનિયા તે ખેલાડીનાં નામથી તે શહેર કે રાજ્યને ઓળખવા લાગે છે. અને જ્યારે આવી અનેક સફળતાઓને લઈને કોઈ વિસ્તાર ગ્લોબલ સ્પોર્ટ્સ મેપ પર ચમકે છે, ત્યારે દુનિયાનો તે શહેરને જોવાનો દ્રષ્ટિકોણ પણ બદલાઈ જાય છે.

વધારવાનો છે. સ્પોર્ટ્સ એ વધુ સારાં જીવનની ગૅરંટી છે. સ્પોર્ટ્સ આપણને વધુ સારું જીવન જીવવા માટે ફિટ બનાવે છે અને આપણી જીવનની ગુણવત્તા સુધારે છે. સ્પોર્ટ્સનો વધુ એક ઘણો મોટો ફાયદો એ છે કે જે ખરા ખેલાડી હોય છે, તેમનામાં ડ્રગ્સ અને નશાથી દૂર રહેવાની ઈચ્છાશક્તિ પણ પેદા થઈ જાય છે. આજે જ્યારે નશાનો આટલો મોટો પડકાર યુવાનો સામે છે, ત્યારે સ્પોર્ટ્સ આમાં પણ અત્યંત સાર્થક ભૂમિકા ભજવે છે.



**ભારત-ઉઝબેક-કિર્ગિઝ સંબંધ**

# સાંસ્કૃતિક જોડાણની મજબૂત કડી

*ભારત અને મધ્ય એશિયાઈ દેશોના ઐતિહાસિક સંબંધોને નવા આયામ આપનારી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની (29 ઑગસ્ટથી 1 સપ્ટેમ્બર સુધીની) ઉઝબેકિસ્તાન અને કિર્ગિઝસ્તાનની મુલાકાત રાજદ્વારી દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ રહી. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય વેપાર, રોકાણ, સુરક્ષા, ઊર્જા અને શિક્ષણ જેવાં મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગનો વિસ્તાર કરવાનો રહ્યો. સાથે જ સમગ્ર ક્ષેત્રને આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદના પડકારોમાંથી મુક્ત કરીને એક સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાનો રહ્યો. આ સાથે શાંઘાઈ સહયોગ સંગઠન (એસસીઓ) શિખર સંમેલનમાં ભારતની સક્રિય ભાગીદારીએ પ્રાદેશિક સંવાદ અને બહુપક્ષીય ભાગીદારીને નવી ઊર્જા પૂરી પાડી...*

પ્રધાનમંત્રીની વિદેશ યાત્રાનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો

ભારત અને ઉઝબેકિસ્તાનના ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક સંબંધોને આગળ ધપાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શાવકત મિર્ઝિયોયેવે 2026-2030 માટે સાંસ્કૃતિક આદાનપ્રદાન અને આર્કાઈવલ સહયોગનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ વિશ્વ ધરોહર સ્થળોનાં સંરક્ષણ, અધ્યયન અને જીર્ણોદ્ધાર માટે સંશોધન સંસ્થાઓ, સંગ્રહાલયો અને નિષ્ણાતો વચ્ચે સહયોગ વધારવા પર ભાર મૂક્યો. આ અંતર્ગત સાંસ્કૃતિક ધરોહરોનું ડિજિટાઈઝેશન, 3D મૉડલિંગ અને આધુનિક તકનીકીઓનો ઉપયોગ કરવામાં આવશે. આ સંદર્ભમાં તેમણે પ્રાચીન બૌદ્ધ સ્થળો 'ફયાઝ ટેપા' અને 'કરાટેપા'નાં સંરક્ષણ તથા જીર્ણોદ્ધાર માટે થયેલી સમજૂતીની પ્રશંસા કરી.

ભારત-ઉઝબેકિસ્તાન સંબંધોની ઊંડાઈનો અંદાજ એ વાત પરથી પણ લગાવી શકાય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આ ચોથી મુલાકાત હતી અને છેલ્લાં 10 વર્ષોમાં પીએમ મોદીની ત્યાંના રાષ્ટ્રપતિ સાથે 10 કરતાં વધુ વખત મુલાકાત થઈ ચૂકી છે. આ વર્ષે બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીનાં 15 વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે, જેથી બંને દેશોએ પોતાના સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનો દરજ્જો આપવાનો નિર્ણય કર્યો છે. ભવિષ્યની દ્રષ્ટિએ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્રિટિકલ મિનરલ્સ, ક્લીન એનર્જી, સ્પેસ અને ન્યુક્લિયર એનર્જીમાં સહયોગ વધારવાનો નિર્ણય લેવાયો છે. બંને દેશ પોતપોતાના અનુભવોના આધારે ખાદ્ય સુરક્ષામાં એકબીજાને સહયોગ કરશે. પરંપરાગત ચિકિત્સા પદ્ધતિમાં પણ બંને દેશોએ સાથે મળીને કામ કરવાનો નિર્ણય લીધો છે. ભારત સરકારે ઉઝબેકિસ્તાનની બૌદ્ધ હેરિટેજ સાઈટનાં સંરક્ષણ માટે સાથે મળીને કામ કરવાની વાત કરી છે. ઉઝબેકિસ્તાનમાં હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવા માટે સ્કોલરશિપની પણ જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત રમતગમતમાં પણ સાથે આગળ વધવાનો નિર્ણય લેવાયો છે. કુરાશ અને કબડ્ડી જેવી પરંપરાગત રમતો આ ભાગીદારીને નવી ઊંચાઈ આપશે.

બંને નેતાઓએ એકસમાન વિચારધારા અને મધ્ય એશિયાના વધતા મહત્વની પ્રશંસા કરી. આજના જટિલ વૈશ્વિક વાતાવરણમાં, તેમણે એક સ્વતંત્ર, મુક્ત અને નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા જાળવી રાખવા પર ભાર મૂક્યો.



## પીએમ મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શાવકત મિર્ઝિયોયેવ દ્વારા બંને દેશો વચ્ચેની મિત્રતાને વધુ મજબૂત કરવામાં તેમનાં યોગદાન બદલ 'ઓલી દારાજલી દોસ્તલિક' (સર્વોચ્ચ મિત્રતા સન્માન)થી સન્માનિત કરવામાં આવ્યા. આ વિદેશી નેતાઓ માટે ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન છે. પીએમ મોદીએ આ સન્માનને બંને દેશો અને સભ્યતાઓ વચ્ચેની અતૂટ મિત્રતાનું પ્રતીક ગણાવ્યું.

પ્રધાનમંત્રીની વિદેશ યાત્રાનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો



## લાલ બહાદુર શાસ્ત્રી શિષ્યવૃત્તિની જાહેરાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાશ્કંદમાં પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારકની મુલાકાત લઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તેમણે તાશ્કંદ સ્ટેટ યુનિવર્સિટી ઑફ ઓરિએન્ટલ સ્ટડીઝની પણ મુલાકાત લીધી. પ્રધાનમંત્રી મોદીએ આ યુનિવર્સિટીના મહાત્મા ગાંધી સેન્ટરમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જોડાયેલા ઈન્ડોલોજિસ્ટ્સ અને વિદ્વાનો સાથે વાતચીત કરી. પોતાની સત્તાવાર મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ ઉઝબેક વિદ્યાર્થીઓ માટે હિન્દી ભાષાના અભ્યાસ અર્થે 'લાલ બહાદુર શાસ્ત્રી શિષ્યવૃત્તિ'ની જાહેરાત કરી. આ વર્ષે આ યુનિવર્સિટીમાં હિન્દી ભણાવવાનાં 80 વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે ઉઝબેક અને હિન્દી ભાષા વચ્ચે 3,000થી વધુ શબ્દો સમાન છે.

બંને દેશોએ પોતાની મજબૂત વ્યૂહાત્મક ભાગીદારી અને સમજૂતીઓના આધારે ભાવિ પેઢીઓનાં હિત માટે લાંબા ગાળાના સહયોગનો સંકલ્પ પુનરાવર્તિત કર્યો. આ સાથે જ તેમણે વેપાર, રોકાણ, પરિવહન જોડાણ, ડિજિટલ ટેક્નોલોજી (આઈટી, એઆઈ, અવકાશ, સાયબર સુરક્ષા), ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સેવા, ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ અને શિક્ષણ જેવાં મુખ્ય ક્ષેત્રોમાં રાજકીય વાર્તાલાપ તેમજ પરસ્પર ભાગીદારીને વધુ મજબૂત કરવા પર સહમતિ દર્શાવી.

## આ વિષયો પર થઈ સમજૂતીઓ...

- ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે વર્ષ 2026-30 માટે સાંસ્કૃતિક આદાનપ્રદાન કાર્યક્રમ.
- ટર્મેઝ ખાતે આવેલાં પ્રાચીન બૌદ્ધ સ્થળો 'ફયાઝ ટેપા' અને 'કારા ટેપા'ના સંરક્ષણ તેમજ જીર્ણોદ્ધાર માટે ઈરાદા પત્ર પર હસ્તાક્ષર.
- આર્કાઈવલ વર્ક ક્ષેત્રે સહયોગ પર સમજૂતી.
- આયુર્વેદ અને અન્ય પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓનાં ક્ષેત્રમાં સહયોગ માટે સમજૂતી.
- ભૂવિજ્ઞાન અને ખનિજ સંસાધનોનાં ક્ષેત્રમાં સહયોગ પર સમજૂતી.
- પ્રવાસન ક્ષેત્રે સહયોગ માટે વર્ષ 2026-28ની ભાગીદારી.
- આર્થિક અને નાણાકીય સંવાદ માટે સમજૂતી.
- પર્યાવરણ સંરક્ષણનાં ક્ષેત્રમાં સહયોગ.
- શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે સહયોગ માટે સમજૂતી.

## જાહેરાતો...

- ભારત-ઉઝબેકિસ્તાન વ્યૂહાત્મક ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનાં સ્તર સુધી લઈ જવી.
- અરબ સાગર ક્ષેત્રમાં વૃક્ષારોપણ માટે 10 લાખ અમેરિકી ડૉલરની ગ્રાન્ટ.
- હિન્દી ભાષા માટે 'લાલ બહાદુર શાસ્ત્રી શિષ્યવૃત્તિ'.
- તાશકંદ સ્ટેટ યુનિવર્સિટી ઑફ ઓરિએન્ટલ સ્ટડીઝમાં આઈસીસીઆર સંસ્કૃત ચેરની સ્થાપના.
- ભારતની યુપીઆઈ એપને ઉઝબેકિસ્તાનમાં વેપારીઓને ચુકવણી કરવા માટે રાષ્ટ્રીય ક્યૂઆર – 'યુઝેડક્યૂઆર' સ્કેન કરવા સક્ષમ બનાવવામાં આવશે.
- દ્વિપક્ષીય વેપાર એક અબજ ડૉલરને પાર કરી ચૂક્યો છે, જેને 2030 સુધીમાં પાંચ અબજ ડૉલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.




**એસસીઓ શિખર સંમેલન**

# વિઝનને વાસ્તવિકતામાં બદલવાનો સમય

***26મા એસસીઓ શિખર સંમેલનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે છેલ્લાં 25 વર્ષોમાં એસસીઓએ સહયોગનો મજબૂત પાયો તૈયાર કર્યો છે. હવે આગામી 25 વર્ષોમાં એસસીઓનું લક્ષ્ય આ સહયોગને સ્પષ્ટ પરિણામોમાં બદલવાનું હોવું જોઈએ. પીએમ મોદીએ એસસીઓની ગત બેઠકમાં ભારતના વિચારના ત્રણ સ્તંભો (એસ-સિક્યુરિટી, સી-કનેક્ટિવિટી અને ઓ-ઓપોર્ચ્યુનિટી)નો ઉલ્લેખ કર્યો...***

- **શાંતિ અને સુરક્ષા :** આતંકવાદ આજે સમગ્ર માનવજાત માટે ગંભીર પડકાર બનેલો છે. આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં એક્શન અને રિએક્શનના વિચારથી આગળ વધીને તેની સમગ્ર ઈકોસિસ્ટમને ધ્વસ્ત કરવી પડશે. જે દેશો આતંકવાદને પોતાની નીતિનું સાધન બનાવે છે, આતંકીઓને આશરો આપે છે, તેમને કડક સંદેશ આપવો પડશે. પશ્ચિમ એશિયાનાં સંકટે દર્શાવ્યું છે કે કોઈ એક ક્ષેત્રનો સંઘર્ષ માત્ર ત્યાં સુધી સીમિત નથી રહેતો. તેની અસર સમગ્ર વિશ્વની ઊર્જા સુરક્ષા, દરિયાઈ વેપાર અને સપ્લાય ચેન પર પડે છે. આનું સૌથી મોટું નુકસાન 'ગ્લોબલ સાઉથ'ના દેશોએ ભોગવવું પડે છે. આથી જ ભારતનું આહ્વાન રહ્યું છે કે તમામ તણાવ અને યુદ્ધોનું સમાધાન યુદ્ધના મેદાન પર નહીં, પરંતુ વાતચીત અને રાજદ્વારી રીતે જ શક્ય છે.

- **મજબૂત અને વિશ્વસનીય કનેક્ટિવિટી :** ભારત તે તમામ પ્રયાસોનું સમર્થન કરે છે જે બજારોને જોડે છે, વેપારને સરળ બનાવે છે અને વિકાસના નવા માર્ગો ખોલે છે. જો કે આ પ્રયાસોમાં તમામ દેશોનાં સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું પણ અત્યંત આવશ્યક છે.

> **"ડ્રગ ટ્રાફિકિંગ માત્ર અપરાધ જ નથી, પરંતુ યુવા પેઢી અને પ્રાદેશિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે. એસસીઓ અંતર્ગત સુરક્ષા જોખમ, સંગઠિત અપરાધ, માહિતી સુરક્ષા અને નાર્કોટિક્સ જેવા પડકારો સામે લડવા માટે સ્થાપવામાં આવી રહેલાં સેન્ટર્સ એક સકારાત્મક પગલું છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

- **અવસર:** સૌથી મોટી મૂડી લોકો વચ્ચેના પરસ્પર સંબંધો છે. ભારત માટે એસસીઓ એ મહાન સભ્યતાઓ, સંસ્કૃતિઓ અને વિચારોનો સંગમ છે. એસસીઓએ આગામી પચીસ વર્ષોમાં સભ્ય દેશોના નાગરિકો વચ્ચેના પરસ્પર સંબંધોને સહયોગનાં કેન્દ્રમાં રાખવા જોઈએ.



# પીએમ મોદીની રશિયન રાષ્ટ્રપતિ સાથે બેઠક

બિશ્કેકમાં 26મા એસસીઓ શિખર સંમેલન દરમિયાન ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠકમાં બંને નેતાઓએ પરસ્પર હિતના મહત્વપૂર્ણ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ ચર્ચામાં પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષનો મુદ્દો પણ સામેલ હતો, જેની અસર દરિયાઈ વેપાર અને ભારતીય નાવિકોની સુરક્ષા પર પડી રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ પુનરોચ્ચાર કર્યો હતો કે વાતચીત અને કૂટનીતિ જ સંઘર્ષોના ઉકેલનો સાચો માર્ગ છે. બંને નેતાઓ પોતપોતાના દેશો વચ્ચેની વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા સાથે મળીને કામ કરવા સંમત થયા હતા. બંને નેતાઓની આ વર્ષની આ પ્રથમ મુલાકાત હતી. એસસીઓ શિખર સંમેલન દરમિયાન અન્ય અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષો સાથે પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાતો થઈ હતી, જેમાં દ્વિપક્ષીય ઉપરાંત વૈશ્વિક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ■



**ભારતે એસસીઓમાં સ્ટાર્ટઅપ ફોરમ, યંગ ઓથર્સ કૉન્ક્લેવ અને યંગ સાયન્ટિસ્ટ ફોરમની શરૂઆત કરી છે.**

- **20થી વધુ નિર્ણયો:** બિશ્કેક ઘોષણાપત્ર ઉપરાંત, આ શિખર સંમેલનમાં આબોહવા, અણુ સુરક્ષા, ઊર્જા સંરક્ષણ અને માદક દ્રવ્યોના વ્યસન સામે લડવા જેવા ક્ષેત્રોમાં ચાર સમજૂતી-પત્રો તેમજ વીસથી વધુ નિર્ણયો અને નિવેદનો સ્વીકારવામાં આવ્યા હતા.

# મજબૂત બનતું ક્રૂઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

**ભારતમાં 111 રાષ્ટ્રીય જળમાર્ગોનું એક વ્યાપક નેટવર્ક છે. 20 હજાર કિલોમીટર લાંબું આ નેટવર્ક 23 રાજ્યો અને ચાર કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ફેલાયેલું છે. હાલમાં 32 રાષ્ટ્રીય જળમાર્ગો કાર્યરત છે. કેન્દ્ર સરકાર તરફથી 5 વર્ષના વિશેષ લક્ષ્યાંકો સાથે શરૂ કરાયેલા 'ક્રૂઝ ભારત મિશન'ને 30 સપ્ટેમ્બરે બે વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. સરકારે આગામી 5 વર્ષમાં 20 નવા રાષ્ટ્રીય જળમાર્ગોને તબક્કાવાર રીતે કાર્યરત કરવાની જાહેરાત કરી છે... આવો જાણીએ કે જળમાર્ગો પર જળ પરિવહનનો વિકાસ કેવી રીતે થઈ રહ્યો છે...**



દેશમાં ક્રૂઝ પ્રવાસનની અપાર સંભાવનાઓને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી 30 સપ્ટેમ્બર 2024ના રોજ શરૂ કરાયેલા 'ક્રૂઝ ભારત મિશન'નો લક્ષ્યાંક 2029 સુધીમાં ક્રૂઝ યાત્રી પરિવહન બમણું કરવાનો છે. આ સાથે પાંચ વર્ષોમાં 10 દરિયાઈ ક્રૂઝ ટર્મિનલ, 100 નદી ક્રૂઝ ટર્મિનલ અને 5 મરીનો સ્થાપિત કરવાની યોજના છે. છેલ્લાં 12 વર્ષની વાત કરીએ તો, દરિયાઈ ક્રૂઝ યાત્રીઓની સંખ્યામાં 300 ટકાથી વધુનો વધારો નોંધાયો છે. વર્ષ 2014-15માં સમુદ્ર ક્રૂઝ મુસાફરોની સંખ્યા 1.08 લાખ હતી, જે 2025-26માં વધીને 4.62 લાખ થઈ ગઈ છે. આગામી એક દાયકામાં ભારતીય ક્રૂઝ બજારમાં આઠ ગણા વધારાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. મિશનના પ્રથમ તબક્કા હેઠળ અધ્યયન, માસ્ટર પ્લાનિંગ અને પડોશી દેશો સાથે ક્રૂઝ ભાગીદારી દ્વારા વર્તમાન ટર્મિનલ્સનું આધુનિકીકરણ કરવાની કામગીરી ઝડપથી આગળ વધી રહી છે. હવે પછીના બે તબક્કાઓ માટે સરકારે 19 નવા જળમાર્ગોને કાર્યરત કરવા માટેની રૂપરેખા પણ ચાલુ નાણાકીય વર્ષ 2026-27નાં બજેટમાં રજૂ કરી છે.

'ક્રૂઝ ભારત મિશન' અને 'મેરીટાઈમ ઈન્ડિયા વિઝન 2030' જેવી મહત્વકાંક્ષી પહેલ સાથે, સરકાર ભારતને વૈશ્વિક ક્રૂઝ ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરવા મજબૂત પાયો તૈયાર કરી રહી છે. કેરળના શાંત બેકવોટર્સથી લઈને ભવ્ય ગંગા-યમુના અને બ્રહ્મપુત્રના પ્રાચીન વિસ્તારો સુધી, ક્રૂઝ પર્યટન માત્ર નવી આર્થિક તકો જ નથી સર્જી રહ્યું, પરંતુ રોજગારી સર્જનની નવી સંભાવનાઓ પણ વધારી રહ્યું છે. ■

## ક્રૂઝ પ્રવાસનને પ્રોત્સાહન આપતાં પગલાં

- પ્રવાસન મંત્રાલય દ્વારા ભારતીય બંદરો પર ક્રૂઝ જહાજો માટે એસઓપી-3 જારી કરવામાં આવી.
- વિશાખાપટ્ટનમ (સપ્ટેમ્બર 2023), મુંબઈ (સપ્ટેમ્બર 2025) અને ચેન્નઈ (જૂન 2026) ખાતે આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલને અપગ્રેડ કરીને કાર્યરત કરવામાં આવ્યા છે.
- પુડુચેરી સાથે પૂર્વીય તટ ક્રૂઝ સર્કિટનો વિસ્તાર કરવામાં આવ્યો છે.
- તમામ નવ ક્રૂઝ સ્થળો સહિત ગુજરાત મેરીટાઈમ બોર્ડમાં ડેસ્ટિનેશન ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી.
- ક્રૂઝ જહાજો માટે ક્યૂઆર-આધારિત ઈમિગ્રેશન સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.
- ઝડપી કસ્ટમ્સ ક્લિયરન્સના હેતુથી ક્રૂઝ જહાજો માટે ડિજિટલ કસ્ટમ્સ પ્રક્રિયાઓ અને સ્વ-ઘોષણા તંત્ર શરૂ કરાયું.
- વિદેશી પર્યટક જૂથોના પ્રવેશને સરળ બનાવવા માટે ઈ-ગ્રૂપ ટ્રાવેલ વિઝાની શરૂઆત કરવામાં આવી.
- વિદેશી ક્રૂઝ માટે કેબોટેજ મુક્તિ.

# સાહસ, કરુણા અને દૃઢ વિશ્વાસની પ્રતિમૂર્તિ



**સમાજ સુધારક રાની રાસમણિએ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને પડકાર આપીને અંગ્રેજો સામે બાથ ભીડી એટલું જ નહીં, પરંતુ જીવનભર જનકલ્યાણ માટે પણ કાર્યરત રહ્યાં. સાહસ, કરુણા અને દૃઢ વિશ્વાસની પ્રતિમૂર્તિ રાનીએ બહુપત્નીત્વ પ્રથા પર પ્રતિબંધ મૂકતા કાયદા માટે ગંભીરતાપૂર્વક પ્રયાસો કર્યા તેમજ વિધવા વિવાહને પણ પ્રોત્સાહન આપ્યું. દક્ષિણેશ્વર કાલી મંદિરનું નિર્માણ કરાવી જ્યાં તેમણે પોતાની આધ્યાત્મિકતાનો પરિચય આપ્યો, તો સાથે જ તેઓ ગરીબોનાં ઉત્થાન માટે આજીવન કાર્ય કરતાં રહ્યાં...**

**જન્મ : 28 સપ્ટેમ્બર 1793, મૃત્યુ : 19 ફેબ્રુઆરી 1861**

વાત છે વર્ષ 1850ની, જ્યારે બ્રિટિશ હકૂમત ભારત પર કબજો જમાવીને બેઠી હતી. તે સમયે એક મહિલા પોતાના અધિકારો માટે અંગ્રેજો સામે એક મોટો પડકાર બનીને સામે આવી. આ મહિલા બીજું કોઈ નહીં પરંતુ રાની રાસમણિ હતાં, જેમણે માત્ર મહત્વપૂર્ણ આંદોલનોનું નેતૃત્વ જ ન કર્યું, પરંતુ સમાજનાં દૂષણો સામે પણ અવાજ ઉઠાવતાં રહ્યાં.

28 સપ્ટેમ્બર 1793ના રોજ 'કોના' ગામ (જે હવે નદિયા-ઉત્તર 24 પરગણાની સીમા પર આવેલું છે) ખાતે એક મહિષ્ય ખેડૂત પરિવારમાં જન્મેલાં રાની રાસમણિને પ્રારંભિક જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે તેઓ માત્ર સાત વર્ષનાં હતાં ત્યારે જ તેમનાં માતાનું અવસાન થયું. આ કપરા સંજોગો વચ્ચે જ્યારે તેઓ 11 વર્ષનાં થયાં ત્યારે કોલકાતાના જાનબજારના એક અમીર જમીનદાર પરિવારના બાબૂ રાજચંદ્ર દાસ સાથે તેમનાં લગ્ન સંપન્ન થયાં. 1836માં પતિના અવસાન બાદ, રાસમણિએ જમીનદારી અને આર્થિક બાબતોની જવાબદારી સંભાળી તેમજ પોતાની કુશળ સંચાલન ક્ષમતા અને સમાજસેવાનાં કાર્યોથી લોકોનો આદર અને સ્નેહ મેળવ્યો.

સમાજસેવા અને સામાજિક યોગદાન માટે વિશેષ ઓળખ ધરાવતાં રાની રાસમણિએ 1847થી 1855 દરમિયાન પ્રસિદ્ધ દક્ષિણેશ્વર કાલી મંદિરનું નિર્માણ કરાવ્યું, જેના માટે તેમણે 30,000 એકર જમીન ખરીદી હતી અને આ પ્રોજેક્ટમાં આઠ વર્ષ તથા નવ લાખ રૂપિયા ખર્ચ્યા હતા. તેમણે ગંગા કિનારે ઘાટો તેમજ તીર્થયાત્રીઓ માટે પાકા રસ્તાઓનાં નિર્માણ માટે પણ આર્થિક સહાય પૂરી પાડી હતી અને નેશનલ લાયબ્રેરી ઑફ ઈન્ડિયા તથા હિન્દુ કૉલેજ (હાલની પ્રેસિડેન્સી યુનિવર્સિટી) જેવી સંસ્થાઓમાં પણ મોટું યોગદાન આપ્યું હતું.

એટલું જ નહીં, પોતાના સાહસ માટે જાણીતાં રાની રાસમણિ અનેક વખત બ્રિટિશ અધિકારીઓ સામે અડગ ઊભાં રહ્યાં. તેમણે ગંગા નદીમાં માછીમારી પર લાદવામાં આવેલા કરને પડકાર્યો તેમજ ધાર્મિક સરઘસો પર મુકાયેલા પ્રતિબંધનો સખત વિરોધ કર્યો, જેના પરિણામે સ્થાનિક લોકોની આજીવિકા અને પરંપરાઓનું સફળતાપૂર્વક રક્ષણ થઈ શક્યું. તેમણે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સાથે મળીને અનેક સમાજ સુધારાઓને વેગ આપ્યો, જેમાં બહુપત્નીત્વ પ્રથા પર પ્રતિબંધ મૂકતો કાયદો પણ સામેલ છે. તેમણે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને બહુવિવાહ વિરુદ્ધ એક ડ્રાફ્ટ બિલ પણ સોંપ્યું હતું. 19 ફેબ્રુઆરી 1861ના રોજ તેમનું નિધન થયું હતું. રાની રાસમણિની જન્મજયંતિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, રાની રાસમણિ સાહસ, કરુણા અને દૃઢ વિશ્વાસની મહાન પ્રતિમૂર્તિ હતાં. તેમને એક દૂરંદેશી નેતા અને પરોપકારી મહિલા તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે કાયમી સંસ્થાઓનું નિર્માણ કર્યું. આધ્યાત્મિકતાની સાથે-સાથે ગરીબોનાં ઉત્થાન માટે તેમની અતૂટ પ્રતિબદ્ધતા હતી. ■

X



PMO India
@PMOIndia

खेल हमें केवल champion बनना नहीं सिखाता... बल्कि खेल हमें एक बेहतर competitor बनना भी सिखाता है।

उठना, गिरना... गिरकर फिर से उठना... Sports, ये ज़ज्बा हमारे भीतर लाता है: PM @narendramodi



Rajnath Singh
@rajnathsingh

ITI को केवल ट्रेनिंग सेंटर नहीं, India के Industrial Transformation की फाउंडेशन बनाना है। PM-SETU के तहत इंडस्ट्री की जरूरतों के अनुरूप Curriculum, Equipment और Apprenticeship को मजबूत कर युवाओं को रोजगार-रेडी बनाना होगा। आत्मनिर्भर डिफेन्स इंडस्ट्री के लिए आत्मनिर्भर Talent Pipeline जरूरी है।



Amit Shah
@AmitShah

नेपाल में आई बाढ़ की विभीषिका अत्यंत दुःखद है। जिन परिवारों ने इस आपदा में अपने प्रियजनों को खोया है, मेरी संवेदनाएँ उनके साथ हैं। संकट की इस घड़ी में भारत सरकार नेपाल के साथ खड़ी है।

नेपाल में आई इस आपदा के संबंध में बिहार व उत्तर प्रदेश के मुख्यमंत्रियों से बात की। इसका प्रभाव जिन सीमावर्ती क्षेत्रों पर पड़ सकता है, वहाँ के स्थानीय प्रशासन और राहत-बचाव की टीमों के साथ NDRF को भी हाई अलर्ट पर रखा गया है।



Nitin Gadkari
@nitin_gadkari

From taking banking to every doorstep to empowering millions with access to formal finance, Pradhan Mantri Jan Dhan Yojana has transformed India's financial inclusion landscape. In 12 years, 59 crore accounts, with 56% held by women, have become gateways to savings, insurance, credit and Direct Benefit Transfers. This remarkable transformation reflects the visionary leadership of Hon'ble PM Shri @narendramodi Ji and his unwavering commitment to inclusive growth and a Viksit Bharat.



Manohar Lal
@mlkhattar

UPI has transformed how India transacts, bringing speed, simplicity, and inclusion to everyday payments.

From street vendors to small businesses, it has expanded access to the formal economy, strengthened transparency, and positioned India as a global leader in digital payments.



Kiren Rijiju @KirenRijiju

कभी लगती थी लंबी कतार... अब बस एक QR!
#UPI और डिजिटल पेमेंट ने भुगतान को बनाया आसान, तेज़ और सुविधाजनक।
शॉपिंग से रोज़मर्रा के भुगतानों तक, डिजिटल इंडिया ने बदली Ease of Life की कहानी!

#DigitalIndia #10YearsOfUPI
#EaseOfLiving #NewIndia

एससीओ घोषणापत्र : भारत-रूस-चीन ने कहा, नागरिकों की मौत, अर्थव्यवस्था की तबाही गलत

# आतंकवाद पर दोहरा मानदंड नहीं चलेगा ईरान पर अमेरिकी हमले की भी कड़ी निंदा



चीनी राष्ट्रपति शिनफिंग, रूसी राष्ट्रपति पुतिन के साथ पीएम मोदी।

## मोदी, जिनपिंग और पुतिन में दिखी गर्मजोशी

## आतंकवाद का पोषण-तंत्र नष्ट करें : मोदी

# समझौता : लंबे समय तक भारत को यूरेनियम देगा उज्बेकिस्तान

2030 तक सालाना द्विपक्षीय कारोबार पांच अरब डॉलर पहुंचाने का लक्ष्य



## पीएम मोदी को देश का सर्वोच्च सम्मान

## 11 समझौते और एमओयू

## यूरेनियम को लेकर भारत के विकल्प बढ़े

# मोदी और पुतिन में दिखी गर्मजोशी, एक कार में पहुंचे नोमाड स्पोर्ट्स उद्घाटन स्थल



## मोदी-पुतिन में सामरिक साझेदारी पर हुई बात



# प्रधानमंत्री जन धन योजना का परिणाम परिवर्तनकारी : मोदी

नई दिल्ली, एजेंसी। प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा है कि प्रधानमंत्री जन धन योजना (पीएमजेडीवाई) का प्रभाव अभूतपूर्व रहा है और इसके परिणाम परिवर्तनकारी साबित हुए हैं।

### વિશ્વ વાંસ દિવસ - 18 સપ્ટેમ્બર 2026

# વાંસના માધ્યમથી મજબૂત થઈ રહી છે ભારતની હરિત અર્થવ્યવસ્થા

જે વસ્તુને ક્યારેક બોજ તરીકે જોવામાં આવતી હતી, તે આજે રોજગારી, વેપાર-ધંધા અને ઈનોવેશનને નવી ગતિ આપી રહી છે. તે વસ્તુ બીજી કંઈ નહીં પરંતુ વાંસ ક્ષેત્ર છે, જેમાં ભારત સફળતાના નવા આયામ સર કરી રહ્યું છે. અંગ્રેજો દ્વારા બનાવાયેલા કાયદા અનુસાર વાંસને વૃક્ષ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું હતું અને તેના સંબંધિત નિયમો અત્યંત કડક હતા. આવા સંજોગોમાં લોકો વાંસ સાથે સંકળાયેલા કામ-ધંધાથી દૂર થતા ગયા, પરંતુ કેન્દ્ર સરકારે જ્યારે વાંસની વ્યાખ્યા બદલી, ત્યારે દેશમાં એક મોટું પરિવર્તન આવ્યું...

- પુનર્ગઠિત રાષ્ટ્રીય વાંસ મિશન 24 રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વાંસની ખેતી, પ્રોસેસિંગ અને માર્કેટિંગને પ્રોત્સાહન આપે છે.
- આ મિશન નાણાકીય સહાય, એફપીઓની રચના અને કૌશલ્ય વિકાસ દ્વારા ખેડૂતો તેમજ એમએસએમઈને સહાય પૂરી પાડે છે.
- ભારતમાં વાંસનો વાવેતર વિસ્તાર 13.96 મિલિયન હેક્ટર છે. 136 પ્રજાતિઓ (125 દેશી અને 11 વિદેશી) સાથે વાંસની વિવિધતાની બાબતમાં ભારત ચીન પછીનો વિશ્વનો બીજો સૌથી સમૃદ્ધ દેશ છે.

"વર્ષ 2017માં કાયદામાં ફેરફાર કરીને અમે વાંસને વૃક્ષની શ્રેણીમાંથી બહાર કાઢ્યું, જેનાં પરિણામો આજે સૌની સામે છે. આજે સમગ્ર પૂર્વોત્તરમાં બામ્બૂ સેક્ટર ખીલી રહ્યું છે. લોકો સતત ઈનોવેશન કરીને તેમાં વેલ્યુ એડિશન કરી રહ્યા છે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી






ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

આર.એન.આઇ., DELGUJ/2020/78812, 1-15 સપ્ટેમ્બર, 2026

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-48)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી- 110003 થી પ્રકાશિત